સુવિચાર
આજનો નબળો વિદ્યાર્થી આવતીકાલનો બેકાર છે. જ્યારે હોંશિયાર વિદ્યાર્થી મોટો સાહેબ થવાની તૈયારીમાં છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૧૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિૐ PENDAWALA શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં... અડદીયા ગુંદરપાક મેથીલાડું હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર વદ-૧૨ વર્ષ : ૧૯ અંક : ૦૧૩

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
GreenWoods
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## બગસરા ડેપોની બસ વડિયાથી ઉપડી ને ખાખરીયા રેલ્વે સ્ટેશન નજીક પલ્ટી

# વડિયા–સુરત રૂટની એસ.ટી. બસ પલ્ટી જતાં ૧૫ મુસાફરોને ઈજા

- ૭ થી ૮ મુસાફરોને હાથ અને પગનાં ભાગે ફેકચર થયાનું અને બસનાં ચાલકને પણ ગંભીર ઈજા પહોંચી
- તમામ ઈજાગ્રસ્તોને યુધ્ધનાં ધોરણે વડિયાનાં સરકારી દવાખાનામાં સારવાર અર્થે ખસેડાયા
- મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી ને સદ્નસીબે બધા મુસાફરોનો જીવ બચી ગયો
- બનાવની જાણ થતાં પોલીસ કાફલો અને ભાજપનાં આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૬

વડિયા–સુરત રૂટની બગસરાએસ.ટી.ડેપોનીબસખાખરીયા રેલ્વેસ્ટેશનનજીકગોળાઈમાંચાલકેકાબુ ગુમાવતાં પલ્ટી જતાં બસમાં સવાર મુસાફરોમાંફફડાટ ઉભો થયો અને ૧૫ જેટલા મુસાફરો અને બસનાં ચાલકને ગંભીરઈજા પહોંચતા તમામને વડિયાનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ.


વિગત એવા પ્રકારની છે કે, બગસરા ડેપોની સ્લીપર કોચ વડિયાથી ઉપડીને થોડા દૂર આવેલ ખાખરીયા રેલ્વે સ્ટેશન નજીક ગોળાઈમાંથી પસાર થતી હતી. ચાલકે કાબુ ગુમાવતાં બસ પલ્ટી જતાં મુસાફરોમાં દેકારો થયો હતો અને ચાલક અને ૧૫ મુસાફરોને ઈજા થતાં સ્થાનિક પોલીસ કાફલો અને ભાજપનાં આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. મામલતદારે પણ દોડી જઈને જરૂરી

અનુસંધાન પાના ૬ ઉપર

### ઈજાગ્રસ્તોનાં નામની યાદી

(૧) રાજાભાઈ
(૨) પરવીનબેન હારૂનભાઈ મેમણ
(૩) રેશ્માબેન રીયાજભાઈ આદમાણી
(૪) લાલજીભાઈ હમીરભાઈ પડાયા
(૫) સાબીયા રીજવાજભાઈ આદમાણી
(૬) સીમાબેન સોહિલભાઈ આદમાણી
(૭) ઉસ્માન રીજવાનભાઈ આદમાણી
(૮) જેનિશ અલ્પેશભાઈ લાલીયા
(૯) આઈશાબેન સિદીકભાઈ આદમાણી
(૧૦) ફરજાનાબેન અહેમદભાઈ આદમાણી
(૧૧) મેરૂનબેન અનિશભાઈ આદમાણી
(૧૨) સિકંદર સિરાજભાઈ આદમાણી
(૧૩) વસીમભાઈ રહીમભાઈ આદમાણી
(૧૪) હારૂનભાઈ અબ્દુલભાઈ મેમણ
(૧૫) અબ્દુલઅહદ હારૂનભાઈ મેમણ

## દેશનાં પુર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહનું ૯૨ વર્ષની વયે નિધન થતાં શોકનો માહોલ



અમરેલી, તા. ૨૬

દેશનાં પુર્વ પ્રધાનમંત્રી ડો. મનમોહનસિંહની તબિયત લથડતા તેઓને એઈમ્સ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે

કોંગી નેતા પ્રિયંકા ગાંધી, રાહુલગાંધીસહિતનાકોંગીઆગેવાનો પણમોડીરાત્રિએહોસ્પિટલપહોંચી ગયાહતા. દેશનાઆર્થિકરીતેસક્ષમ બનાવવામાંજેનોસિંહફાળો છે તેવા પુર્વ પ્રધાન મંત્રીની તબિત લથડતા કોંગ્રસ પક્ષ સહિત તમામ પક્ષનાં આગેવાનો પણ ખબર અંતર પુછી રહયાછે.

જો કે મોડી રાત્રીએ ડો. મનમોહનસિંહનું૯૨વર્ષનીવયેનિધન થયાનુંસત્તાવારરીતેજાહેરથયેલછે.

## લીલીયામોટાનાં ૨૯ વર્ષિય યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૨૬

લીલીયામોટા ગામે આવેલ ઉમિયા મંદિર પાછળ રહેતા રવિભાઈ અશોકભાઈ વાળા નામના ૨૯ વર્ષિય યુવકે ગત તા. ૨૪નાં રોજ સાંજે ૬ વાગ્યે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પોતે પોતાની મેળે પી જતાં સારવાર માટે અમરેલી સરકારી દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

હાર્દિક શુભકામનાઓ..
એડવોકેટ શ્રી જે.આર.વાળા
સેક્રેટરીશ્રી : બાર એસોસિએશન - અમરેલી
અમરેલી જિલ્લા બાર એસોસિએશનમાં ચૂંટણી લડી બીજીવાર સેક્રેટરી બનવા બદલ અમારા લાડકવાયા શ્રી જે.આર.વાળા સાહેબ ને અમો હર્ષ અને ગૌરવની લાગણીસભર અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ...
:શુભેચ્છક:
ઉદયન ત્રિવેદી
ડી.એમ.ભટ્ટ
બકુલભાઈ પંડયા
વનરાજભાઈ વાળા
અજયભાઈ પંડયા
ગીરીશભાઈ દવે
જે.એલ.સોજીત્રા
જે.પી.ત્રિવેદી
સિધ્ધાર્થભાઈ ભગત
કિર્તીભાઈ પરમાર
ગોવા ટીમ એડવોકેટસ અમરેલી

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકને ૧૯માં વર્ષમાં પ્રવેશ અવસરે... હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.....
:શુભેચ્છક:
શ્રી યાકુબભાઈ રસભર્યા
(સીનીયર એડવોકેટ)
પૂર્વ ઉપપ્રમુખ : સા.કુંડલા બાર એસોસિએશન
સાવરકુંડલા

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શિયાળામાં સૌથી વધુ થતી બીમારીઓ
નવજીવન જનરલ હોસ્પિટલ
સાંધાનો દુખાવો
સીઝનલ ફ્લૂ
બ્રેઈન સ્ટ્રોક (પેરાલિસિ)
અસ્થમા
હ્રદયરોગ (હાર્ટ એટેક)
શરદી ઉધરસ
કોઈપણ પ્રકારની જટિલ બીમારી હોય કે, સાધારણ શરદી ઉધરસ તમારા સ્વાસ્થ્યની સંભાળ માટે આજે જ અમારા નિષ્ણાંતની સલાહ લ્યો.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક 99782 73000
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે "ગિફ્ટ ઓફ જોય"નો અનોખો કાર્યક્રમ યોજાયો



અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્ર માધ્યમના વિદ્યાર્થીઓએ પોતાના ઘરે બિનજરૂરી ચીજ વસ્તુઓ લઈ આવી જરૂરીયાત મંદ જૂપડપટ્ટીમાં રહેતા ગરીબ બાળકોને કપડા, સ્કૂલ બેગ, સ્ટેશનરી તેમજ બિન વપરાશે ચીજવસ્તુઓ જરૂરીયાતમંદ લોકોને આપી હતી જરૂરીયાતમંદ લોકોને મદદરૂપ થઈ વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ થયો હતો આ આનંદનું કારણ એ હતું કે જેઓને વિદ્યાર્થીઓ દ્વારા ચીજ વસ્તુઓ મળી તે બધા ખૂબ જ ખુશ હતા તે જોઈ વિદ્યાર્થીઓને પણ ખૂબ જ આનંદ મળ્યો હતો. આ કાર્યક્રમ યોજવા પાછળનું મુખ્ય ઉપદેશ હતું તે સાર્થક થયું કે શાળામાં અભ્યાસ સાથે જીવન મૂલ્યોનું ઉચ્ચ વિચાર સાથેનું ઘડતર થાય અને બાળકો જે સમાજ અને દેશનું ભાવિ છે તેમાં એકબીજાને મદદરૂપ થવાનું ગુણ નાનપણથી જ કેળવાય તે માટે આ સંસ્થામાં આવા કાર્યક્રમો થકી પ્રયાસો કરવામાં આવે છે જેમાં તમામ સુપરવાઈઝરઓ, પ્રિન્સિપાલઓ અને સ્ટાફ એ જહેમત ઉઠાવી હતી. સંસ્થાના પ્રમુખ એ પણ આવા ઉમદા કાર્ય બદલ સ્ટાફ સ્ટુડન્ટને અભિનંદન પાઠવ્યા હતા.

### સારહિ યથ કલબ–તાલુકા હેલ્થ કચેરીના સંયુકત ઉપક્રમે

## અમરેલીનાં વોર્ડ નં. ૧૧ અને વોર્ડ નં. ૫ નો સંયુકત રીતે આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ યોજોયો

અમરેલી, તા. ૨૬

ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાતળે તબીબી સહિતની આવશયક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ–કેવાયસી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં. ૧૧ તથા વોર્ડ નં. ૫ નો સંયુકત કેમ્પનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્ર,



ચકરગઢ રોડ, અમરેલી ખાતે કરવામાં આવેલ. જેમા બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ લાભ ઉઠાવેલ હતો.

આ કાર્યક્રમમાં મુકેશભાઈ સંઘાણી, બિપીનભાઈ લીંબાણી, સુરેશભાઈ શેખવા, સંજય (ચંદુ) રામાણી, કાળુભાઈ પાનસુરીયા, નરેશભાઈ મહેતા, ચિરાગભાઈ ત્રિવેદી, દિલાભાઈ વાળા, હરેશભાઈ કાબરીયા, હરેશભાઈ ચાવડા, અશ્વિનભાઈ કાનાણી, ચિરાગભાઈ ચાવડા, સનિભાઈ ડાબસરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### ખડસલી બી.ઓ.માં ફરજ બજાવતાં

## રમેશભાઈ બોરીસાગર વયમર્યાદાથી નિવૃત્ત





સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી એસ.ઓ ખાતે ખડસલીમાં એ.બી.પી.એમ તરીકે ફરજ બજાવતા રમેશભાઈ બોરીસાગર વય મર્યાદાના કારણે નિવૃત થતા વીજપડી એસ.ઓ પરિવાર દ્વારા વિદાય સમારોહનું આયોજન કરવામાં આવેલ જેમાં વીજપડી એચ. પી. એમ મહેતા તેમજ એચઓ બીઓનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહી ચાંદીની મૂર્તિ તેમજ સાકરનો પડો શ્રીફળ અર્પણ કરેલ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવે આ તકે દોલતી મેરીયાણાના નિવૃત્ત કર્મચારી તેમજ ચાલુ કર્મચારી ગણ તમામ ઉપસ્થિત રહી પોતાના મંતવ્ય રજૂ કર્યા તેમનો નિવૃત્ત સમય આરોગ્યપ્રદ અને આનંદમય રહે તેવી શુભકામનાઓ પાઠવી અને સમસ્ત બ્રહ્મ સમાજ વતી અનિરૂદ્ધ ત્રિવેદી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ ત્યારબાદ તમામ પરિવાર અને અગ્રણી વડીલો ઉપસ્થિત રહી સાથે ભોજન પણ લીધું આ કાર્યક્રમની જવાબદારી કિરીટભાઈ કે. ત્રિવેદી તેમજ ભરતભાઈ જે.ત્રિવેદીએ સંભાળેલ. તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ.

### દરરોજ અનેક વાહનો પસાર થતાં હોય તેવો

## ખાંભા–રાજુલા વાયા આદસંગ માર્ગ અતિ બિસ્માર બનતા વાહનચાલકો પરેશાન

### ખાંભાનાં સરપંચનાં પ્રતિનિધિએ માર્ગની મરામતની કરી માંગ





ખાંભા, તા. ૨૬

ખાંભાથી થોરડી, આદસંગ, રાજુલા ,પીપાવાવ, સાવરકુંડલાને જોડતો સ્ટેટ હાઈવેનો મુખ્ય માર્ગ છે. આ રોડ પર દોઢ દોઢ ફૂટના ખાડા પડી ગયા છે અને ખખડધજ બની ગયો છે. ત્યારે વાહન ચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે. જયારે આ માર્ગ ખખડધજ હોવાથી વાહનો અકસ્માતનો ભોગ બની રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે અને વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

સરકાર દ્વારા ચોમાસા બાદ રોડ રસ્તાઓની જાહેરાતો કરવામાં આવી હતી પરંતુ ચોમાસુ વીતી ગયા તેના બે મહિના બાદ પણ અમરેલી જિલ્લામાં રોડ રસ્તા બિસ્માર હાલતમાં છે. ત્યારે સ્થાનિક રાહદારીઓ અને વાહન ચાલકો પરેશાન બન્યા છે અને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે ખાંભાથી રાજુલા, પીપાવાવ જતા રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઊઠે છે. ત્યારે આ માર્ગ ખરબચડો બની જતા તંત્રની લાપરવાહીની પોલ ખુલી જવા પામી છે ને તંત્ર આવી કમરતોડ રસ્તાની મરામત વહેલી તકે નહિ કરે તો અનેક અકસ્માતો આ માર્ગ પર સર્જાવાની ગંભીર દહેશતો સર્જાઈ છે.

અમરેલી જિલ્લાના મહત્વના ગણાતા રોડ રસ્તાઓ બીમાર બનતા વાહનચાલકો પરેશાન બન્યા છે. ત્યારે રાજુલા–પીપાવાવ જવાનો રોડ અતિ બીમાર બન્યો છે અને આ રોડ બનાવવા અને અનેકવાર રજૂઆત કરી છે તંત્ર દ્વારા વહેલી તકે આ બિસ્માર રોડનું રીપેરીંગ કરવામાં આવે અથવા નવો બનાવવામાં આવે તેવી માંગ ખાંભા સરપંચના પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ દ્વારા માંગ કરવામાં આવી હતી.

### રેલ્વે સમિતિનાં સદસ્ય બનતા

## અમરેલીનાં સાંસદ સુતરીયાનું મિશન બ્રોડગેજ સમિતિનાં આગેવાનો દ્વારા સન્માન

### જિલ્લાનાં રેલ્વેને લગતા પ્રશ્નોની રજૂઆત કરાઈ

અમરેલી, તા. ૨૬

મિશન બ્રોડગેજ અમરેલીના સભ્યોએ સાંસદ ભરતભાઈ સુતરીયાને રજૂઆત કરી અમરેલીમાં વહેલી તકે બ્રોડગ્રેજનું કામ પૂર્ણ થાય તે માટે રજૂઆત કરવામાં આવી તેમજ અમરેલીનું રેલ્વે સ્ટેશન ૧૧૨ વર્ષ જૂનું છે તે યથાવત રહે તેવી રજૂઆત કરવામાં આવી તેમજ હાલમાં ચાલતી મીટરગેજ રેલ્વે સ્ટેશન સુધી બંધ કરવી અને તેને પરા સ્ટેશનથી ચાલુ રાખવી તેવી માંગણી કરવામાં આવી. જો બ્રાહ્મણ સોસાયટી પાસે નવું રેલ્વે સ્ટેશન બની શકતું હોય તો બનાવવા માટે રજૂઆત કરી તેમજ મહુવા–સુરત–બાંદ્રા ટ્રેન ચાલુ છે તેને ધોળાથી બોટાદ, બોટાદથી ધંધુકા થઈને ટ્રેન ચાલુ કરવામાં આવે તો ૨૮ કિ.મી.નો રૂટ ઓછો થાય છે તે પણ રજૂઆત કરવામાં આવી. આપણે સુરેન્દ્રનગરના વાયા વિરમગામ ફરવા જવું પડે છે તેની બદલે ડાયરેકટ ધંધુકા થાય તે જરૂરી છે અને મિશન બ્રોડગેજ વતી ભરતભાઈ સુતરીયાને રેલ્વે કમિટીના સભ્ય બનતા તેમનું અભિવાદન કરેલ અને અમરેલી બ્રોડગેજ રજૂઆતમાં રાજેશભાઈ ગાંધી, વિપુલભાઈ ભટ્ટી, દિપકભાઈ મહેતા,



હરેશભાઈ સેદાણી, અજયભાઈ અગ્રાવત, જાવેદભાઈ ખાન, પંકજભાઈ રાજયગુરૂ, દિલશાખભાઈ શેખ, રજૂઆતમાં જોડાયેલા હતા

અમરેલીના સાંસદ દ્વારા ધંધુકા રૂટ માટે રેલ્વેના ડીવીઝનલ મેનેજરને પત્ર લખીને રજૂઆત કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત અમરેલીનું ૧૧૨ વર્ષ જૂનું રેલ્વે સ્ટેશન પાડવામાં ન આવે અને મીટર ગેજ લાઈન પરા સ્ટેશનથી ચાલુ રાખવાના વિકલ્પ માટે સૂચના આપી હોવાનું જણાવ્યું હતું.

## સાવરકુંડલાનાં સેંજળ ગામનાં યુવકનું સરોવરનાં ખાડામાં પડી જવાથી મોત

અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાનાં સેંજળ ગામે રહેતા જયસુખભાઈ ગણેશભાઈ વાઘેલા નામના ૪૦ વર્ષિય યુવક ગત તા. ૨૫ નાં રોજ આશરે સવારનાં દસેક વાગ્યે તેમના રહેણાંક ઝુંપડા પાસે આવેલ ધ્વાન સ્વામી સરોવરમાં ન્હાવા માટે ગયેલ. ત્યારે કોઈ કારણોસર સરોવરનાં ઊંડા ખાડામાં ગરકાવ થતાં પાણીમાં ડૂબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી : નોન ટ્રાન્સપોર્ટ વાહનો માટે નવી સિરીઝની આર.ટી.ઓ. દ્વારા ઈ–ઓકશન પ્રક્રિયા થશે

અમરેલી, તા. ૨૬

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા નોન ટ્રાન્સપોર્ટ વાહનોની નવી સિરીઝ GJ ૧૪ BD BG૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી ડિસેમ્બર ૨૪ની તા. ૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા. ૨૮ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૯ થી તા.૩૦ ડિસેમ્બર ૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા.૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ જાહેર થશે.

ઓનલાઈન ઈઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે https://parivahan.gov.in.parivahan/પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલા : કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૬

સદ્ગૂરૂ કબીર સાહેબ સેવા ટસ્ટ સવારકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પ આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૧૩૩ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૧ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ તથા ટ્રસ્ટી વિશાલ વ્યાસ સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જિતેનભાઈ હેલૈયા, તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરે સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરૂવારે છેલ્લા ૨૬ વર્ષથી યોજાય છે.

# અમરેલી પીજીવીસીએલ ડિવિઝન–૧ દ્વારા ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી



ઉર્જાની બચત તથા વીજળીની સલમતીમાં ઈએલસીબી લગાડવી, ઉતરાયણના સમયે પતંગ વીજ વાયરમાં ફસાઈ તો તેને કાઢવા માટે પ્રયત્ન પણ ના કરવા તથા બીનજરૂરી લાઈટ–પંખા ચાલુ ના રહે તેની પણ માહિતી આપવામાં આવેલ હતી. પ્રધાનમંત્રી મફત વીજળી યોજનામા સોલાર રૂફટોપ અને સ્માર્ટ મીટર અંગેનો સેમીનાર અમરેલીની આર્ટસ–કોમર્સ અને બીસીએ કોલેજમાં તથા ગજેરા સંકુલમાં રાખવામાં આવેલો હતો. પીજીવીસીએલ અમરેલી ડિવિઝનના નાયબ ઈજનેર કાલાણી દ્વારા આ અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ હતી. સેમિનારના અંતે વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ હતું. તેમાંથી સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરવામાં આવેલ વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવેલ હતું.

### ૨૦૨૩-૨૪માં ૨,૨૪૪ કરોડ રાજકીય ફાળા તરીકે મળ્યા

# ભાજપે ગત વર્ષની સરખામણીમાં ત્રણ ગણો વધુ ફાળો મેળવ્યો છે

**કોંગ્રેસને ૨૦૨૩માં આ પ્રકારે ૨૮૮.૯ કરોડ રૂપિયા મળ્યા : ૨૦૨૨માં તેને ૭૯.૯ કરોડ રૂપિયા મળ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૬

હરિયાણા-મહારાષ્ટ્રમાં કોંગ્રેસને ધૂળ ચટાડ્યા બાદ ભાજપે એક અન્ય મામલે પણ કોંગ્રેસને પછાડી છે. ભાજપે ગત વર્ષની સરખામણીમાં ત્રણ ગણો વધુ ફાળો મેળવ્યો છે. પાર્ટીને ૨૦૨૩-૨૪માં ૨,૨૪૪ કરોડ રૂપિયા રાજકીય ફાળા તરીકે મળ્યા છે. આ ફાળાનો આશય ૨૦ હજાર રૂપિયાથી વધુ રકમ વ્યક્તિઓ, ટ્રસ્ટો અને કોરપોરેટ હાઉસીસ તરફથી પ્રાપ્ત થવાનો છે. આ સમયગાળામાં જ કોંગ્રેસની વાત કરીએ તો તેને ૨૦૨૩માં આ પ્રકારે ૨૮૮.૯ કરોડ રૂપિયા મળ્યા. જો કે ૨૦૨૨માં તેને ૭૯.૯ કરોડ રૂપિયા મળ્યા હતા. આ રીતે જોઈએ તો કોંગ્રેસને મળેલા ફાળામાં પણ વધારો થયો છે. પરંતુ ભાજપ સાથે સરખામણી કરીએ તો તે ઘણી પાછળ છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં ખાસ વાત એ છે કે ભાપને એક જ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી એક તૃતિયાંશ અને તેની પાસેથી જ કોંગ્રેસને લગભગ અડધો ફાળો મળ્યો છે. ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ ભાજપને પ્રુડેન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી ૨૦૨૩-૨૪ માટે ૭૨૩.૬ કરોડ રૂપિયા મળ્યા છે. જે તેને મળેલા કુલ ફાળા ૨,૨૪૪ કરોડના લગભગ એક તૃતિયાંશ છે. એ જ રીતે કોંગ્રેસને મળેલા ફાળાના કુલ ૨૮૮.૯ કરોડ રૂપિયામાંથી લગભગ અડધી રકમ ૧૫૬.૪ કરોડ એકલા પ્રુડેન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ તરફથી મળ્યા છે. ગત વર્ષે પણ આ ટ્રસ્ટ તરફથી ભાજપ અને કોંગ્રેસને લઈને લગભગ આ જ પેટર્ન જોવા મળી હતી.

બધુ મળીને બંને પાર્ટીઓની સરખામણી કરીએ તો ભાજપને મળેલા ફાળામાં ૨૧૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. જો કે આ અપ્રત્યાશિત એટલા માટે નથી કારણ કે તે સામાન્ય ચૂંટણીઓ પહેલાનું વર્ષ હતું. એ જ રીતે જ્યારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું વર્ષ હતું તે પહેલા ૨૦૧૮-૧૯માં ભાજપને આ જ રીતે ૭૪૨ કરોડ અને કોંગ્રેસને ૧૪૬.૮ કરોડ રૂપિયા મળ્યા હતા.

ભાજપને ફાળા તરીકે ત્રણ કરોડ રૂપિયા ફ્યુચર ગેમિંગ એન્ડ હોટલ સર્વિસિસ તરફથી પણ મળ્યા છે. આ કંપનીના ચીફ સેન્ટિયાગો માર્ટિન છે. જેને લોટરી કિંગ કહેવામાં આવે છે. આ કંપનીએ સૌથી વધુ ફાળો તૃણમૂલ કોંગ્રેસને આપ્યો હતો. હાલ મની લોન્ડરિંગના કેસમાં તે ઈડી અને આવકવેરા ડિપાર્ટમેન્ટના રડાર પર છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ રદ કરી હતી. આથી હવે ફાળો સીધી રીતે કે ઈલેક્ટોરલ ટ્રસ્ટ રૂટથી જ આપી શકાય છે. અન્ય રાષ્ટ્રીય પક્ષોમાં આમ આદમી પાર્ટીને ૨૦૨૩-૨૪માં ૧૧.૧ કરોડ, માકપાને ૭.૬ કરોડ રૂપિયા, બસપા અને નવીન પટનાયકે પોતાને ઝીરો ડોનેશન દેખાડ્યું. ટીડીપીને ફાળા તરીકે ૧૦૦ કરોડ રૂપિયા મળ્યા જ્યારે સપાને ૪૬.૭ લાખ રૂપિયા મળ્યા.

### રાજકીય વિવાદ શરૂ

# કોંગ્રેસે નકશા પર જમ્મુ-કાશ્મીર પાકિસ્તાનનો ભાગ દેખાડ્યું

**કોંગ્રેસે તેના કાર્યક્રમમાં ભારતનો જે નકશો લગાવ્યો છે, તે તેમની દેશ પ્રત્યેની માનસિકતા દર્શાવે છે : ભાજપ પ્રવક્તા**

નવી દિલ્હી, તા. ૨૬

કોંગ્રેસનું બેલગાવી અધિવેશન હવે ખોટા કારણોસર ચર્ચામાં છે. આ અધિવેશન માટે કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા પોસ્ટરમાં ભારતનો નકશો ખોટી રીતે દર્શાવવામાં આવ્યો હતો. આ નકશામાં જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ નકશાને લઈને ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. ભાજપે કહ્યું છે કે, કોંગ્રેસનો ઈરાદો ભારતને તોડવાનો છે. ભાજપના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ કહ્યું કે, કોંગ્રેસે તેના કાર્યક્રમમાં ભારતનો જે નકશો લગાવ્યો છે, તે તેમની દેશ પ્રત્યેની માનસિકતા દર્શાવે છે.

કોંગ્રેસ પર આરોપ લગાવતા ભાજપના શહજાદ પૂનાવાલાએ કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી કહે છે કે ભારતને એક કરો પરંતુ આજે તેમના દ્વારા બેલગાવી અધિવેશનમાં રજૂ કરવામાં આવેલા દેશના નકશા સાથે છેડછાડ કરવામાં આવી છે. આ નકશામાં ભારતનું જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનમાં અને અક્સાઈ ચીન ચીનમાં બતાવવામાં આવ્યું છે. તેના અધિવેશન દરમિયાન આ નકશાનો ઉપયોગ કરવાથી સ્પષ્ટ થાય છે કે, કોંગ્રેસની માનસિકતા હંમેશા ભારતને વિખેરી નાખવાની રહી છે.

મહત્ત્વપૂર્ણ છે કે, આજે ગુરુવારે સવારથી જ ભાજપ આ પોસ્ટર પર પ્રહારો કરી રહી છે. આ પોસ્ટર બહાર આવ્યા બાદ ભાજપે કહ્યું કે, જ્યોર્જ સોરોસનો મામલો હોય કે પછી શશિ થરૂરના નામાંકન સમયે ઉપયોગ કરવામાં આવેલો ભારતનો નકશો હોય, કોંગ્રેસ સમયાંતરે આવી ભૂલો કરતી રહી છે. જોકે, બાદમાં શશિ થરૂરે તે નકશા માટે માફી માંગી હતી. બેલગાવી સંમેલન દરમિયાન પોસ્ટર પર દર્શાવવામાં આવેલા નકશાને લઈને કોંગ્રેસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### પેપરલીક બાદ આંદોલન અને લાઠીચાર્જનો મામલો

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું- એકલવ્યની જેમ અંગૂઠો કાપ્યો

**રાહુલ ગાંધીએ બિહારની નીતિશ કુમાર સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેંડા કરવાનો આક્ષેપ કર્યો**

પટણા, તા.૨૬

બિહાર લોક સેવા આયોગ (BPSC)ની પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક થયા બાદ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ ઘટનાના કારણે વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે તણાવ વધી ગયો છે. ૧૩ ડિસેમ્બરે યોજાનાર પ્રારંભિક પરીક્ષા વખતે પેપર લીકના અહેવાલો બાદ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરા મજબૂર થયા છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા રદ કરવાની અને ફરી પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. ગઈકાલે (૨૫ ડિસેમ્બર) પટણામાં પોલીસે BPSC ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો. હવે આ મામલાને રાહુલ ગાંધીએ ગંભીરતાથી લીધી છે અને તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

વાસ્તવમાં પેપર લીક થવા મામલે વિદ્યાર્થીઓએ બીપીએસસી ઓફિસને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાયરલ થયા છે. પોલીસે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં મહિલા દેખાવકારો પર પણ કડકાઈથી કાર્યવાહી કરી હતી. દેખાવકારોએ આક્ષેપ કર્યો છે કે, તેમની સાથે આતંકવાદી જેવો વ્યવહાર કરાયો. અમે અમારી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. પોલીસ કોઈપણ માહિતી વગર આવી અને અમારા પર લાઠીચાર્જ કર્યો છે. બિહારમાં પેપર લીક બાદ આંદોલન અને લાઠીચાર્જની ઘટનાથી રાજકારણ ગરમાયું છે. વિપક્ષોને નીતિશ સરકાર પર આક્ષેપો કરવાની તક મળી ગઈ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મેં સંસદમાં કહ્યું હતું કે, જે રીતે એકલવ્યનો અંગૂઠો કાપવામાં આવ્યો હતો, તેવી રીતે પેપર લીક કરાવી યુવાઓનો અંગૂઠો કાપવામાં આવી રહ્યો છે. તેમણે નીતિશ સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેંડા કરવાનો આક્ષેપ કર્યો છે. ૧૩ ડિસેમ્બરે યોજાયેલી પ્રારંભિક પરીક્ષામાં અનેક ગોટાળાના આક્ષેપ લાગ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, તેમને મોડા પ્રશ્નપત્રો આપવામાં આવ્યા અને અનેક જગ્યાએ પ્રશ્નપત્રો ફાટેલા હતા. જેના કારણે પેપર લીક થયું હોવાની પ્રબળ આશંકા થઈ. બીજીતરફ બીપીએસસીના ચેરમેન પરમાર રવિ મનુભાઈએ પરીક્ષા રદ કરવાનો ઈંકાર કરી દીધો હતો. તેમણે માત્ર પટણાના બાબુ પરીક્ષા કેન્દ્રમાં ચાર જાન્યુઆરી-૨૦૨૫ના રોજ ફરી પરીક્ષા યોજવાની જાહેરાત કરી.

### વિપક્ષના સવાલોનો ચૂંટણી પંચે આપ્યો જવાબ

# ચૂંટણી પ્રક્રિયાને સમજ્યા વિના મતદાન ટકાવારી પર સવાલ ઊભા કરવા એ ખોટું

**ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૨૬

લોકસભાની ચૂંટણીના સમયથી ચૂંટણી પંચે મતદાનની ટકાવારી અંગે મોરચો ખોલનારા વિપક્ષોને માત્ર મતદાનની ટકાવારી એકત્ર કરવાનું સંપૂર્ણ ગણિત જ સમજાવ્યું નથી, પરંતુ સમજ્યા વિના ચૂંટણી પ્રક્રિયા પર શંકા ઉભી કરવાની બાબત પણ ખોટી ગણાવી છે.

ચૂંટણી પંચે કહ્યું કે, કોઈપણ રીતે ચૂંટણી પૂરી થયા પછી તમામ બૂથ પર વર્તમાન રાજકીય પક્ષોના એજન્ટને ફોર્મ-17C આપવામાં આવે છે, જેમાં તે બૂથ પર પડેલા મતોની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ હોય છે. જેમને મતદાનની ટકાવારીમાં ગેરરીતિની શંકા હોય તેઓ ફોર્મ-17C સાથે મેચ કરી શકે છે.

પંચે લોકસભા ચૂંટણી વખતે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓને પણ આ જવાબ આપ્યો હતો, પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન જ્યારે વિપક્ષે આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો ત્યારે પંચે મંગળવારે માત્ર લેખિત જ જવાબ ન આપતા આયોગે પૂછેલા પ્રશ્નોની યાદીમાં આને લગતા પ્રશ્નો અને જવાબોનો પણ સમાવેશ કર્યો છે.

ચૂંટણી પંચે તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસની ફરિયાદોનો જવાબ આપતા, ચૂંટણી દરમિયાન મતદાર યાદી અને મતદાર યાદી તૈયારીની પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવ્યું. ECએ જણાવ્યું હતું કે, ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પંચના જણાવ્યા મુજબ, ક્યારેક મતદાનનો સમય ૬ વાગ્યા સુધી રહે છે, તો ક્યારેક લાંબી લાઈનોને કારણે, મતદાન રાત્રે ૮ વાગ્યા સુધી ચાલુ રહે છે. આવું એટલા માટે થાય છે કારણ કે પંચનો નિયમ છે કે મતદાનના સમય સુધી લાઈનમાં ઉભા રહેલા તમામ લોકોને મતદાન કરવાની તક આપવામાં આવશે. મતદાન પૂર્ણ થતાની સાથે જ મતદાન કર્મચારીઓ બૂથમાં મતદાનની સંપૂર્ણ વિગતો ફોર્મ-17Cમાં દાખલ કરે છે, તેની એક નકલ તમામ ઉમેદવારોના એજન્ટને આપે છે અને તેમની સામે ઈવીએમ સીલ કરીને જમા કરાવવામાં આવે છે. સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ જમા કરાવવાનું કામ સામાન્ય રીતે સાત વાગ્યે શરૂ થાય છે, જે આખી રાત ચાલુ રહે છે. આ સમયગાળા દરમિયાન, જેમ જેમ ઈવીએમ મશીનો એકઠા થાય છે, તે બૂથના મતદાનની અંતિમ વિગતો પણ ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે.

કમિશનના જણાવ્યા અનુસાર, તે સામાન્ય રીતે ૧૧.૩૦ વાગ્યે નોંધાયેલી વિગતો જાહેર કરે છે. પરંતુ આ પછી પણ મતદાન ટીમો આવવાનું, ઈવીએમ એકત્રિત કરવાનું અને વિગતો અપલોડ કરવાનું કામ ચાલુ રહે છે, ત્યારબાદ તમામ વિગતો અપલોડ થયા પછી બીજા દિવસે મતદાનની અંતિમ ટકાવારી જાહેર કરવામાં આવે છે.

પંચે મતદાનના દિવસે અને અંતિમ આંકડામાં મતદાનની ટકાવારી વધારવા અંગે વિપક્ષના પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. જેમ કમિશને કહ્યું કે, જ્યાં સુધી દરેક બૂથ પર મતદાનની વિગતો ફોર્મ-૧૭ઝ સાથે મેચ કરીને રેકોર્ડ કરવામાં ન આવે ત્યાં સુધી માત્ર મતદાનની ટકાવારીના અંદાજિત આંકડા જ આપવામાં આવે છે. આની નોંધણી કરવાનું કામ સામાન્ય રીતે મતદાનના બીજા દિવસે સવાર સુધી ચાલુ રહે છે. આવી સ્થિતિમાં અંતિમ આંકડા બીજા દિવસે જ આવે છે.

પંચના મતે, કોઈપણ રીતે મતદાનના દિવસે મતદાન અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા આંકડામાં થોડો ઘટાડો કરવામાં આવે છે, જેથી જો મતગણતરીમાં કોઈ વિસંગતતા હોય તો તેને સુધારી શકાય. પંચે મતદાનના ચાર દિવસ પછી મતદાનની ટકાવારીમાં ફેરફારના આરોપો અંગે પણ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે પુનઃ મતદાનના કિસ્સામાં ચાર દિવસ પછી મતદાનના અંતિમ આંકડા જાહેર કરવામાં આવે છે.

### રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયન બેટરને ખખડાવ્યો

# મેચમાં કોહલી જ નહીં રોહિતે પણ પિત્તો ગુમાવ્યો

**બેટ્સમેન માર્નસ લાબુશેન રન લેતી વખતે પીચ પર દોડવા લાગ્યો, જેના કારણે રોહિત શર્માએ પિત્તો ગુમાવી દીધો**

મેલબોર્ન, તા.૨૬

બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ચોથી બોક્સિંગ ડે ટેસ્ટ મેલબોર્નમાં રમાઈ રહી છે. આ બોક્સિંગ ડે ટેસ્ટ મેચના પહેલા જ દિવસે બંને દેશોના ખેલાડીઓ વચ્ચે ગરમાગરમીનો માહોલ જોવા મળ્યો હતો. મેલબોર્ન ટેસ્ટના પ્રથમ દિવસે ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મેદાન પર જ ઑસ્ટ્રેલિયાના બેટ્સમેન માર્નસ લાબુશેનને ખખડાવ્યો હતો. ઑસ્ટ્રેલિયન બેટ્સમેન માર્નસ લાબુશેન રન લેતી વખતે પીચ પર દોડવા લાગ્યો, જેના કારણે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ પિત્તો ગુમાવી દીધો હતો. આ પહેલા વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયન ઓપનર બેટ્સમેન સાથે ખભો અથડાવી દીધો હતો. આ ગેરવર્તૂણક બદલ કોહલીને તેની મેચ ફીના ૨૦ ટકા પેનલ્ટી ફટકારવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં રોહિત શર્મા માર્નસ લાબુશેનને ખખડાવી રહ્યો છે. ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચની ટેસ્ટ સીરિઝ હાલમાં ૧-૧ની બરાબરી પર છે. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે આ નિર્ણાયક ટેસ્ટ મેચમાં ઘણું બધું દાવ પર લાગેલું છે. આવી સ્થિતિમાં ક્રિકેટના મેદાન પર ખેલાડીઓની ભાવનાઓ છતી થઈ રહી છે. આ ઘટના ત્યારે બની જ્યારે રોહિત શર્માએ માર્નસ લાબુશેન અને સેમ કોન્સ્ટસના પીચના ડેન્જર એરિયામાં વારંવાર દોડવા પર પોતાની નારાજગી વ્યક્ત કરી.

રોહિત શર્માએ પોતાનો ગુસ્સો એટલા માટે વ્યક્ત કર્યો કારણ કે જો માર્નસ લાબુશેન વારંવાર ડેન્જર એરિયામાં દોડે તો પીચ ખરાબ થઈ જાત. આવી સ્થિતિમાં જ્યારે ટીમ ઈન્ડિયાના બેટ્સમેન પાછળથી બેટિંગ કરવા માટે આવે ત્યારે તેમને ખરાબ પિચના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

રોહિત શર્માની માર્નસ લાબુશેન સાથેની આ અથડામણે ચાહકો અને કોમેન્ટેટર્સનું ધ્યાન ખેંચ્યું હતું. પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર અને કોમેન્ટેટર ઈરફાન પઠાણે પરિસ્થિતિને સમજાવતા કહ્યું, 'રોહિત શર્મા કહી રહ્યો છે કે જ્યારે તમે રન લેવા માટે દોડી રહ્યા છો, ત્યારે તમે પીચમાં દોડી રહ્યા છો.'

ભારતના દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે પણ ઈરફાન પઠાણની વાતનું પુનરાવર્તન કરતા કહ્યું કે, સેમ કોન્સ્ટસ પણ. તમે સેમ કોન્સ્ટસને જોયો તે તો સીધો જ પીચ પર દોડતો હતો અને કોઈએ તેને કંઈ કહ્યું પણ નહીં. સુનીલ ગાવસ્કરે અમ્પાયરોને ફટકારતા કહ્યું કે, અને અમ્પાયરો માત્ર ત્યાં જોઈ રહ્યા છે. રોહિત શર્મા અને માર્નસ લાબુશેન વચ્ચે વાતચીત ચાલી રહી છે તો અમ્પાયરો માત્ર જોઈ રહ્યા છે.

સ્લિપ કોર્ડનમાં ફિલ્ડિંગ કરી રહેલો વિરાટ કોહલી પણ આ મુદ્દે પોતાની નારાજગી વ્યક્ત કરતો દેખાયો હતો. ત્યારબાદ માર્નસ લાબુશેન રોહિત શર્મા સાથે સહમત જણાયો અને તેની તેની વાત માનીને માથું હલાવ્યું.

### દિલ્હીમાં ભાજપ નેતાની મુશ્કેલી વધી

# ચૂંટણી પહેલા એએપીના સાંસદે EDમાં કરી ફરિયાદ

**દિલ્હી મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મતના બદલામાં પૈસા વહેંચવાનો આરોપ લગાવ્યો હતો**

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હી ચૂંટણી પહેલા મતના બદલામાં મહિલાઓને પૈસા આપવાના આરોપમાં ઘેરાયેલા પ્રવેશ વર્માની મુશ્કેલી વધી છે. હવે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ED ઑફિસ પહોંચીને પ્રવેશ વર્મા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. દિલ્હી મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મતના બદલામાં પૈસા વહેંચવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદ દાખલ કરાવ્યા બાદ છઈઁ સાંસદ સંજય સિંહે કહ્યું કે, ED ઑફિસે ફરિયાદ પત્ર સ્વીકાર કરી લીધો છે. પરંતુ કોઈ અધિકારીએ અમને કાર્યવાહીનું આશ્વાસન નથી આપ્યું. ઈડી શું કરશે, આ અંગે હું ન કહી શકું. તેમણે ફરિયાદની સત્તાવાર રસીદ આપી દીધી છે.

જણાવી દઈએ કે, બુધવારથી આમ આદમી પાર્ટી આ મુદ્દાને લઈને ભાજપને ઘેરી રહી છે અને ચૂંટણીમાં રોકડની એન્ટ્રીને લઈને રાજનીતિ પણ ખૂબ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર કેશ વહેંચવાનો આરોપ લગાવ્યો હતો. આતિશીએ કહ્યું હતું કે, 'ભાજપ નવી દિલ્હી વિધાનસભામાં લોકોના વોટર કાર્ડ જોઈ-જોઈને રૂપિયા વહેંચી રહી છે. ભાજપના પ્રવેશ વર્મા રંગે હાથ પૈસા વહેંચતા પકડાઈ ગયા છે.' મુખ્યમંત્રી આતિશીએ એક ફોટો જાહેર કરીને દાવો કર્યો કે, 'નવી દિલ્હીમાં આવેલા ભાજપ નેતા પ્રવેશ વર્માના સરકારી આવાસ ૨૦ વિન્ડસર પ્લેસ પર મહિલાઓને ૧૧૦૦ રૂપિયા વહેંચવામાં આવી રહ્યા છે.' તો આ મુદ્દે પલટવાર કરતાં પ્રવેશ વર્માએ પણ આમ આદમી પાર્ટીને ઘેરી હતી. બુધવારે પ્રવેશ વર્માએ કહ્યું હતું કે, 'મારા પિતાજીએ રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થાનું નિર્માણ ૨૫ વર્ષ પહેલા કર્યું હતું. ગુજરાતમાં જે બે ભૂકંપ આવ્યા હતા, ત્યારબાદ અમે બે ગામડાંઓનું નિર્માણ કર્યું હતું. અમે ત્યાં બે હજારથી વધુ મકાન બનાવ્યા હતા.'

### POK જ ગુમ થતાં ભાજપ ભડક્યો

# કોંગ્રેસના અધિવેશનમાં ભારતનો ખોટો નક્શો છપાતા વિવાદ સર્જાયો

**ભાજપે પલટવાર કર્યો છે અને આકરા પ્રહારો કરીને કોંગ્રેસને નવી મુસ્લિમ લીગ ગણાવી દીધી હતી**

બેલગાવી, તા.૨૬

કર્ણાટકના બેલગાવીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટિ (CWC)ની બેઠક યોજાવા જઈ રહી છે. ત્યારે આ પહેલા નેતાઓના સ્વાગત માટે પોસ્ટર અને બેનરો લગાવવામાં આવ્યા છે, જેના કારણે હવે વિવાદ છેડાઈ ગયો છે. આરોપ છે કે, પાર્ટીના કાર્યકરોએ બેનરો અને ફ્લેક્સમાં ભારતના નકશાને વિકૃત રૂપે રજૂ કર્યો છે. બેલાગવી શહેરના પ્રવેશદ્વાર પર લગાવવામાં આવેલા આ બેનરોમાં છપાયેલા ભારતના નકશામાંથી પાકિસ્તાનના કબજા વાળું કાશ્મીર (PoK) અને અકસાઈ ચીનના વિસ્તારોને ગાયબ કરી દેવામાં આવ્યા છે. આ મામલે હવે ભાજપે પલટવાર કર્યો છે અને આકરા પ્રહારો કરીને કોંગ્રેસને નવી મુસ્લિમ લીગ ગણાવી દીધી છે.

તમને જણાવી દઈએ કે, કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠક ૨૬ અને ૨૭ ડિસેમ્બરના રોજ બેલગાવીમાં યોજાવા જઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી આ વર્ષ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનની શતાબ્દી તરીકે ઉજવણી કરી રહી છે, જેની સ્થાપના ૧૯૨૪માં થઈ હતી. આ કાર્યક્રમમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત પાર્ટીના તમામ દિગ્ગજ નેતાઓ હાજરી આપશે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પર ભારતના નકશાને વિકૃત કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય સંજય પાટીલે કહ્યું કે, આ કોંગ્રેસની વાસ્તવિક માનસિકતા દર્શાવે છે. આ જ કારણોસર કોંગ્રેસે કલમ ૩૭૦ હટાવવાનું સમર્થન નથી કર્યું.

બીજી તરફ સ્થાનિક ભાજપના કોર્પોરેશન કાઉન્સિલર શ્રેયા નાકડીએ આ અંગે રોષ વ્યક્ત કરતા કહ્યું કે, ભારતનો તાજ ગાયબ છે. હવે આ મહાત્મા ગાંધીનું ભારત નથી પણ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનું ભારત છે. ભાજપના નેતા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા કહ્યું કે, કોંગ્રેસ હવે નવી મુસ્લિમ લીગ બની ગઈ છે. તે ભારતને ફરીથી તોડવા માગે છે. કોંગ્રેસે આ મામલે અંતર જાળવી રાખતા કહ્યું કે, આ કોંગ્રેસના સત્તાવાર બેનરો નથી. કોંગ્રેસના એમએલસી નાગરાજ યાદવે કહ્યું કે, આ કોંગ્રેસના સત્તાવાર બેનર નથી, આ કેટલાક અનુયાયીઓ દ્વારા લગાવવામાં આવ્યા છે. જો કેટલાક શુભેચ્છકો અથવા અનુયાયીઓ નેતાઓને આવકારવા માટે બેનરો લગાવે છે, તો તેઓ સરકારની સલાહ નથી લેતા.

### આમ આદમી પાર્ટીનું અલ્ટિમેટમ

# ૨૪ કલાકમાં કાર્યવાહી નહીં થાય તો કોંગ્રેસને I.N.D.I.A.થી બહાર કરાશે

**કોંગ્રેસના અજય માકન સામે કાર્યવાહી કરવાની માંગણી**

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે તણાવ વધી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે આમ આદમી પાર્ટી (AAP) કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માંગે છે. આ માટે તે અન્ય પક્ષો સાથે વાત કરશે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે આજે પત્રકાર પરિષદ કરીને કોંગ્રેસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે. જો કોંગ્રેસ અજય માકન સામે કાર્યવાહી નહીં કરે તો AAP નેતાઓ I.N.D.I.A.ના અન્ય નેતાઓ સાથે વાત કરીને કોંગ્રેસને ગઠબંધનથી બાકાત કરવાની અપીલ કરશે.

AAP નેતાઓમાં કોંગ્રેસને લઈને ભારે નારાજગી છે. જેના કારણે AAP કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માટે અન્ય પક્ષો સાથે વાત કરશે. AAPનો આરોપ છે કે કોંગ્રેસ ભાજપ સાથે મળીને કામ કરી રહી છે. AAP નેતાઓ કોંગ્રેસ નેતાઓના સતત નિવેદનોથી નારાજ છે. તેમજ બુધવારે જ દિલ્હી યુથ કોંગ્રેસે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ FIR દાખલ કરી હતી. જેના કારણે AAP નેતાઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આટલું જ નહીં કોંગ્રેસ નેતા અજય માકને કેજરીવાલ વિરુદ્ધ આપેલા નિવેદનથી પણ AAP નેતાઓમાં ભારે નારાજગી છે.

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ કહ્યું છે, કે કોંગ્રેસ નેતાઓના નિવેદનથી સાફ દેખાઈ રહ્યું છે કે કોંગ્રેસે હવે ભાજપ સાથે જ સાંઠગાંઠ કરી લીધી છે. કોંગ્રેસ નેતા અજય માકને કેજરીવાલ માટે એન્ટિ નેશનલ શબ્દપ્રયોગ કર્યો. શું કોંગ્રેસે ભાજપ સાથે ક્યારેય આવા શબ્દો કહ્યા છે? સંજય સિંહે પણ કહ્યું છે, કે દિલ્હીની અંદર કોંગ્રેસ ભાજપના પક્ષમાં ઊભી થઈ ગઈ છે. કોંગ્રેસ દરેક એવા કામ કરી રહી છે જેનાથી ભાજપને જ ફાયદો થાય. કોંગ્રેસ નેતા અજય માકન તો ભાજપની જ સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે. ભાજપના કહેવાય પર કોંગ્રેસ નેતાઓ AAP પર નિશાન સાધી રહ્યા છે.

દિલ્હી યુથ કોંગ્રેસના અધ્યક્ષ અક્ષય લાકરાએ ૨૫ ડિસેમ્બરની સાંજે સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. લાકરાએ આરોપ લગાવ્યો હતો કે AAPએ તેની યોજનાઓ દ્વારા લોકોને ગેરમાર્ગે દોર્યા છે અને છેતર્યા છે. તેમજ AAPની યોજનાઓની પ્રામાણિકતા પર પણ સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસે આ મુદ્દાને લઈને કેજરીવાલ સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### દિલ્હી કોંગ્રેસે આપ અને ભાજપ પર નિશાન તાકીને 'શ્વેતપત્ર' જાહેર કર્યું

# આમ આદમી પાર્ટી સાથે કરાયેલું જોડાણ ભૂલ હતીઃ કોંગ્રેસ

**લોકસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે શરૂ થયેલો વિવાદ હવે વધુ ઉગ્ર બન્યો છે**

હૈદરાબાદ, તા.૨૬

લોકસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે શરૂ થયેલો વિવાદ હવે વધુ ઉગ્ર બન્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી અગાઉ દિલ્હી કોંગ્રેસના નેતા અજય માકને આમ આદમી પાર્ટી સરકાર સાથેના જોડાણને 'ભૂલ' ગણાવી હતી. માકને જણાવ્યું હતું કે હવે આ ભૂલ સુધારવી જરૂરી છે. દિલ્હીમાં ૧૨ સૂત્રીય 'શ્વેતપત્ર' જાહેર કરતાં કોંગ્રેસે આમ આદમી પાર્ટી(આપ) અને ભાજપ પર પ્રદૂષણ, નાગરિક સુવિધાઓ અને કાયદો-વ્યવસ્થા જેવા વિવિધ મુદ્દાઓ પર તેમના કથિત અધુરા વચનો અને ગેરવ્યવસ્થાને લઈને નિશાન તાક્યું છે. એક પત્રકાર પરિષદમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ખજાનચી અજય માકને આપ સંયોજક અરવિંદ કેજરીવાલ પર નિશાન તાકીને કહ્યું કે તેમની પાર્ટી જનલોકપાલ આંદોલનના બળ પર સત્તામાં આવી, પરંતુ ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે. આ પ્રસંગે, તેમણે 'મૌકા મૌકા, હર બાર ધોખા' શીર્ષક સાથે શ્વેતપત્ર જાહેર કરીને કહ્યું કે, જો દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું એક શબ્દમાં વર્ણન કરવામાં આવે તો એ ફક્ત ફર્જીવાલ છે. આખા દેશમાં છેતરપિંડીનો જો કોઈ રાજા છે તો એ કેજરીવાલ છે, અને એટલા માટે અમે કેજરીવાલ સરકાર અને કેન્દ્રની ભાજપ સરકારની સામે શ્વેતપત્ર લઈને આવ્યા છીએ. આ બાબતને લઈને હજુ સુધી ભાજપ કે આમ આદમી પાર્ટીએ કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### EVM મુદ્દે કોંગ્રેસને મોટો ઝટકો

# નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી EVMને દોષી ઠેરવવુ ખોટું છે : સુપ્રિયા સુલન

**મેં પોતે ૪ વખત આ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી છે : શરદ પવારની પુત્રી-બારામતી સાંસદ સુપ્રિયા**

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ મહાવિકાસ અઘાડી ઈવીએમ પર સવાલો ઉઠાવી રહી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કોંગ્રેસે બેલેટ પેપર દ્વારા ફરીથી ચૂંટણી કરાવવાની માંગ કરી હતી. ઈવીએમને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, તેમના પોતાના સહયોગી શરદ પવારની એનસીપીએ તેને ફગાવી દીધી છે. શરદ પવારની પુત્રી અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલનેએ કહ્યું કે, જ્યાં સુધી તેમની પાસે છેડછાડના દાવાઓને સમર્થન આપવા માટે નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી ઈવીએમને દોષી ઠેરવવુ ખોટું છે. મેં પોતે ૪ વખત આ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટણી જીતી છે.' પુણેની મુલાકાતે આવેલા સુપ્રિયા સુલેએ પત્રકારો સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે , 'મને લાગે છે કે જ્યાં સુધી મારી પાસે કોઈ નક્કર પુરાવા નથી ત્યાં સુધી આરોપ લગાવવો મારા માટે યોગ્ય નથી. હું એક જ ઈવીએમથી ચાર ચૂંટણી જીતી છું.'

જો કે, સુપ્રિયા સુલેએ એ પણ ઉલ્લેખ કર્યો કે ઘણા લોકો અને રાજકીય પક્ષો, જેમ કે BJD અને આમ આદમી પાર્ટી (AAP) એ દાવો કર્યો છે કે તેમની પાસે ઈવીએમ સાથે છેડછાડના પુરાવા છે. મ્નઢ સાંસદ અમર પટનાયકે ઈવીએમ સામેના તેમના વિરોધને સમર્થન આપવા માટે મંગળવારે તેમને પત્ર દ્વારા કેટલાક ડેટા મોકલ્યા હતા. જો કે, તેમણે આ ડેટાની વધુ વિગતો જાહેર કરી ન હતી.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા વિપક્ષી દળો ઈવીએમને લઈને તેમની ચિંતાઓ અને આરોપો જાહેર કરી રહ્યા છે અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલો ઉઠાવી રહ્યા છે.

### વિવિધ પ્રોજેક્ટની સમગ્રતયા સમીક્ષા કરશે

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સૌરાષ્ટ્રના ત્રિદિવસીય પ્રવાસ પર

## આ ત્રિદિવસીય પ્રવાસમાં મંત્રી ભાવનગર, જુનાગઢ, રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે

ગાંધીનગર,તા.૨૬

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આવતી કાલે તા. ૨૭ ડિસેમ્બર થી તા. ૨૯ ડિસેમ્બર એટલે કે ત્રણ દિવસ (દ્રૈજૈ) સૌરાષ્ટ્ર પ્રવાસે જવાના છે. આ ત્રિદિવસીય પ્રવાસમાં મંત્રી ભાવનગર, જુનાગઢ , રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે. વિગતે પ્રવાસ જોઈએ તો મંત્રી ઋષિકેશ પટેલ તા. ૨૭ મી ના રોજ ભાવનગર આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આવતી કાલે તા. ૨૭ ડિસેમ્બર થી તા. ૨૯ ડિસેમ્બર એટલે કે ત્રણ દિવસ સૌરાષ્ટ્ર પ્રવાસે જવાના છે. આ ત્રિદિવસીય પ્રવાસમાં મંત્રી ભાવનગર, જુનાગઢ , રાજકોટ અને જામનગર જિલ્લાની મુલાકાત કરશે. વિગતે પ્રવાસ જોઈએ તો મંત્રી ઋષિકેશ પટેલ તા. ૨૭મી ના રોજ ભાવનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્રમોદીના એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ, ભાવનગર સરકારી હોસ્પિટલની મુલાકાત લેશે.

અમદાવાદ સિવિલ મેડિસીટીની તર્જ પર ભાવનગર હોસ્પિટલમાં ચાલી રહેલ સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલના નિર્માણ કાર્યના વિવિધ પ્રોજેક્ટની સમગ્રતયા સમીક્ષા કરશે. તેમજ તા. ૨૮ ડિસેમ્બરના રોજ જુનાગઢ અને રાજકોટ હોસ્પિટલમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ , સ્થાનિક સમસ્યાઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ, વિવિધ નાગરિકો તરફથી મળતી રજૂઆત અને ફરિયાદ સંબંધિત બેઠક કરીને વિગતવાર આ મુદ્દાઓ પર ચર્ચા અને સમીક્ષા કરશે. આ દરમિયાન મંત્રી હોસ્પિટલની મુલાકાત લઈને ત્યાંની પરિસ્થિતિ , મુખ્ય જરૂરિયાતો , આગામી ડેવલપમેન્ટ પ્લાનની પણ માહિતી મેળવશે. અને તા. ૨૯ ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં હાજરી આપ્યા બાદ જામનગર ખાતે આયોજીત ઉમિયા માતાજી મંદિર સિદસરના શતાબ્દી મહોત્વસ-૨૦૨૪માં પણ ઉપસ્થિત રહેશે.

### સરળ રીતે સમજો કેવી રીતે ચૂકવવો પડશે ટેક્સ

# જૂની કારના વેચાણ પર ૧૮ ટકા GST તમામ માટે નથી

## જૂની અને વપરાયેલી કારના વેચાણ પર જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે

નવી દિલ્હી, તા.૨૬

જીએસટી કાઉન્સિલ દ્વારા આ વખતની બેઠકમાં કરવામાં આવેલી જાહેરાતોથી પ્રજા સ્તબ્ધ બની છે. જેમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો પોપકોર્નની જુદી-જુદી વેરાયટી પર જુદો-જુદો જીએસટી રહ્યો છે. પરંતુ આ સિવાય યુઝ્‌ડ અને જૂની કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટીનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે.

યુઝ્‌ડ-જૂની કારના વેચાણ પર પણ જીએસટી ચૂકવવા મુદ્દે સોશિયલ મીડિયા પર સરકાર પર આકરા પ્રહારો થઈ રહ્યા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તેના પર સ્પષ્ટતા આપતાં લોકોને રાહત થઈ છે.

જૂની અને વપરાયેલી કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે. જો કે, તેમાં પણ ઘસારો બાદ મળશે. અર્થાત જો ૧૨ લાખની કિંમતમાં ખરીદેલી ગાડી રૂ. ૯ લાખમાં વેચવામાં આવે તો તેનુ માર્જિન રૂ. ૩ લાખ થશે. આ માર્જિનમાં પણ જો ઘસારા માટે અપીલ કરશો તો, કોઈપણ ટેક્સ ચૂકવવો પડશે નહીં. સામાન્ય રીતે જૂની અને યુઝ્‌ડ કાર ખરીદ કિંમત કરતાં ઓછા ભાવે જ વેચાતી હોય છે. કારણકે તેના પર ઘસારો લાગુ પડે છે.

આ ઘસારો મોંઘવારી અને વપરાશના વર્ષના આધારે નક્કી થાય છે. વધુમાં વ્યક્તિગત ધોરણે વેચવામાં આવેલી કાર પર કોઈ જીએસટી લાગુ થશે નહીં. અર્થાત જીએસટી રજિસ્ટર્ડ સેલર પર જ આ ટેક્સ લાગુ થશે.

જીએસટી કાઉન્સિલની ૫૫મી બેઠકમાં જૂની કારના વેચાણ પર જીએસટી ૧૨ ટકાથી વધારી ૧૮ ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સ માત્ર જીએસટી રજિસ્ટર્ડ યુઝ્‌ડ કારનો બિઝનેસ કરતાં લોકો પર જ લાગુ છે. સામાન્ય વ્યક્તિ પર તેનો બોજો પડશે નહીં. તેમાં પણ જીએસટી રજિસ્ટર્ડ ડીલર્સે પ્રોફિટ માર્જિનમાં જ ટેક્સ ચૂકવવો પડશે આ સિવાય નુકસાનમાં ટેક્સ લાગુ થશે નહીં.

ધારો કે, જૂની કારની લે-વેચ કરતાં વેપારીને રૂ. ૫ લાખમાં કાર વેચી હોય અને તેણે તેમાં રૂ. ૫૦૦૦૦નો ખર્ચ કરી કાર અન્યને રૂ. ૬ લાખમાં વેચી દીધી હોય તો તેને રૂ. ૫૦૦૦૦ બાદ મળશે. પરંતુ રૂ. ૫૦૦૦૦ના નફા પર ૧૮ ટકા ટેક્સ અર્થાત રૂ. ૯૦૦૦ ટેક્સ પેટે ચૂકવવા પડશે.

### આ હુમલા બાદ તાલિબાને બદલો લેવાની ધમકી આપી છે

# પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઇક કર્યા બાદ બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

## અફઘાનિસ્તાનની સત્તા પર કબજો જમાવનાર તાલિબાની સત્તાના ૧૫૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા હોવાના અહેવાલ

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કર્યા બાદ બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. હાલની સ્થિતિ એવી છે કે, બંને દેશો વચ્ચે હવે યુદ્ધના ભણકારા શરુ થઈ ગયા છે. અફઘાનિસ્તાનની સત્તા પર કબજો જમાવનાર તાલિબાની સત્તાના ૧૫૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. પાકિસ્તાને મંગળવારે અફ ઘાનિસ્તાનના પૂર્વ પક્તિકા પ્રાંત પર એરસ્ટ્રાઈક કરી હતી, જેમાં ૧૫ નાગરિકોના મોત થયા છે. આ ઘટનાની સૌથી મોટી વાત એ છે કે, પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને હુમલો કર્યો છે, જેના કારણે તાલિબાનીઓ ભડકે બળ્યા છે. આ હુમલા બાદ તાલિબાને બદલો લેવાની ધમકી આપી છે. આવી સ્થિતિમાં આપણે જાણીએ કે, જો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો કોની જીત થઈ શકે છે અને કોણ સૌથી વધુ શક્તિશાળી છે?

બંને દેશની સેનાની તાકાતની વાત કરીએ તો પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનની સેના તમામ મોરચા પર નબળી દેખાઈ રહી છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાન પાસે ૬ લાખથી વધુ સૈનિકો છે, એરક્રાફ્ટ મામલે પણ પાકિસ્તાનનું પલડું ભારે છે, તેની પાસે ૧૪૦૦થી વધુ વિમાનો, ૩૦૦૦થી વધુ ટેંક્રો, ૫૦,૦૦૦થી વધુ આર્મ્ડ વ્હીકલ છે. પાકિસ્તાન નેવીની તાકાત પણ અફઘાનિસ્તાનથી ઘણી શ્રેષ્ઠ છે. પાકિસ્તાન પાસે ૩૮૭ એરક્રાફ્ટ વિમાનો પણ છે.

અફઘાનિસ્તાનની સેનાની વાત કરીએ તો તેની પાસે અફઘાન આર્મી, એરફોર્સ અને પોલીસ બળ સહિત ત્રણ લાખથી વધુ સૈનિકો છે. તેની વાયુ સેના પાસે કોઈ વિશેષ તાકાત નથી. અફઘાનિસ્તાન માટે સૌથી મોટો પડકાર તેના સૈનિકો જ છે, કારણ કે તેના સૈનિકો ટ્રેઈન નથી. આ ઉપરાંત તેની પાસે વાયુસેનાની તાકાત પણ ઓછી છે.

રિપોર્ટ મુજબ અમેરિકી સેનાના લગભગ સાત બિલિયન ડૉલરની કિંમતના હથિયારો અફઘાનિસ્તાનમાં પડ્યા છે. આમાં એમ ૪ કાર્બાઈન, ૮૨ એમએમ મોર્ટાર લોન્ચર, એમ૧૬ રાઈફલ અને સેનાના હથિયારો ઉપરાંત સૈન્ય વાહનો, નાઈટ વિઝન, બ્લૈક હૉક હેલિકોપ્ટર, એ૨૯ એરક્રાફ્ટ વિમાન, દેખરેખ રાખતાં ઉપકરણો સામેલ છે. રિપોર્ટ મુજબ અફઘાનિસ્તાન પાસે રશિયન હથિયારોનો મોટો જથ્થો છે, જે હવે તાલિબાની લડવૈયાઓના કબજામાં છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને રશિયાએ લાંબા સમય સુધી અફઘાનિસ્તાનમાં બેઝ ઊભો કર્યો હતો. જોકે નિષ્ણાતોના મત મુજબ અફઘાનિસ્તાનની સેના પાસે આ અત્યાધુનિક હથિયારો ચલાવવાની આવડત જ નથી, જેના કારણે આ હથિયારો બરબાદ થઈ રહ્યા છે.

પાકિસ્તાનની સરખામણીમાં અફઘાનિસ્તાન દરેક મોરચે નબળું છે. પરંતુ જો યુદ્ધ થાય તો પાકિસ્તાનને ભારે નુકસાન થઈ શકે છે. વાસ્તવમાં તાલિબાન લડવૈયાઓ હુમલાઓ કરવામાં માહિર છે, પાકિસ્તાન માટે આ સૌથી મોટો ચિંતાનો વિષય છે. રિપોર્ટનું કહેવું છે કે, તાલિબાન સેનાને તેમની હથિયારો અને સેનાની તાકાત પર જજ ન કરવી જોઈએ. કારણ કે તેમના લડવૈયાઓની સંખ્યા જરૂરિયાત મુજબ વધતી રહે છે. તાલિબાન પાસે ગુપ્ત યુદ્ધ કરવાની અદ્ભુત કળા છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાને એરસ્ટ્રાઈક કર્યા બાદ અફઘાનિસ્તાન ગુસ્સે ભરાયું છે અને બદલો લેવાની તમામ તૈયારીઓ તેણે શરુ કરી દીધી છે. લગભગ તાલિબાનના ૧૫,૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ લડવૈયાઓ કાબુલ, કંધાર અને હેરાત પાર કરીને ખૈબર પખ્તૂનખ્વાના મીર અલી બૉર્ડર તરફ જઈ રહ્યા છે. તાલિબાની પ્રવકતાએ કહ્યું કે, પાકિસ્તાને એરસ્ટ્રાઈક કરીને મોટી ભૂલ કરી છે. અમે તેને જડબાતોડ જવાબ આપીશું.

# સોશ્યલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ ક્યાંક વાસ્તવિકતાથી પલાયન થવાનું માધ્યમ તો નથીને

સાવરકુંડલા, તા.૨૬

તાજેતરમાં કયાંક વાંચવા મળ્યું કે આજકાલના યુવાનો વાસ્તવિકતાને જરા સરખું પણ સહી શકતા નથી. જીવનમાં સમસ્યા હોય કે નહોય, પરંતુ પાછલાએકદોઢદાયકામાં એમનો ઉછેર જ એ રીતે થયો છે કે જાત સાથે એ જરા સરખો પણ સમય વ્યતીત કરી શકતા નથી એવું લાગે છે અને એના ઉકેલરૂપે કાં તો સોશ્યલ મીડિયા સ્ક્રોલ કરવાનું શરૂ કરી દે છે અથવા તો ઓટીટી પર કશુંક જોવા માંડે છે અથવા તો પછી પોર્ન જોવા કે ગેઈમ રમવા બેસી જાય છે. આ પરિસ્થિતિમાં હવેના અસંખ્ય યુવાનોના મનમાં દ્રઢ થઈ ગયું છે કે એકલા પડવું એના કરતાં સ્ક્રીનમાં ઘૂસી જવું ! આ મનોસ્થિતિને લીધે યુવાનોને પોતાની જાત સાથે સંવાદ સાધવાની કે પોતાની જાતની અંદર જઈને ડોકિયું કરવાની આદત સાવ છૂટી ગઈ છે. પરિણામે ધીરજ, સહનશીલતા કે પછી વાસ્તવિકતાની સામે બાથ ભીડી લેવાની હિંમત બિલકુલ ઓછી થઈ ગઈ છે. આમ ભૌતિક સુખના ફુગાવા વચ્ચે પણ આ પેઢી ડિપ્રેશ્ડ છે. એની એક ખતરનાક આડ-અસરરૂપે આ પેઢીમાં આત્મહત્યાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જોવા મળે છે. વિશ્વના તમામ ધર્મોની એક જ વાત કહે છેઃ સ્વયંની સમીપે ઝાંકો ! પોતાની જાતને મળો, સ્વ સાથે સંવાદ રચો ! આવે વખતે એક મોબાઈલનામનીઘટનાઅથવાતોસ્ક્રિન નામની ઘટના માણસને એની જાતથી વિમુખ લઈ જાય-એને વિરૂદ્ધ દિશામાં ધકેલો તો પરિણામ શું આવે ? પહેલાં આખેઆખો માણસ, પછી એ માણસ સમુદાયે ઊભી કરેલી વ્યવસ્થા અને પછી આખું વિશ્વ પ્રવસ્ત થઈ જાય. આનાં પરિણામ આપણને એક યા અન્ય રીતે જોવાં-અનુભવવા મળી પણ રહ્યા છે. સાંપ્રત સમયમાં સમૂળગું વિશ્વ અશાંતિમાંથી પસાર થઈ રહ્યું છે. કયાંક પ્રત્યક્ષ રીતે યુદ્ધ લડાઈ રહ્યા છે, કયાંક સિવિલ વોર થઈ રહ્યા છે તો કયાંક સાવ નાખી દેવા જેવી વાતને લઈને હત્યા અને આત્મહત્યાઓ રહી છે. શું એ બધા પાછળ વધુ પડતો સ્ક્રીન ટાઈમ જવાબદાર નહીં હોય ? માણસને સ્ટ્રેસ ત્યારે જ ઉપજે છે જયારે તે પોતાની જાતથી અળગો થાય છે. બાકી, જે પોતાની સાથે સંવાદમાં છે એની કયારેય રિધમ નથી તૂટતી, કારણ કે જે પોતાની સાથે સંવાદ સાધે છે એ સીધો ઈવર સાથે સંવાદ સાધતો હોય છે અને જે ઈશ્વર સાથે સંવાદમાં હોય એને આપોઆપ અમુક ધરપત અથવા તો એને અમુક ઉકેલો મળતા રહેવાના. એક રીતે જોવા જઈએ તો આ એક અત્યંત મોટું રેડએલર્ટ છે. જાતથી અળગા થવાનું તો ઠીક, જાતથી નાસતા ફરવાની આ વૃત્તિ વિધ્વંશ તરફ દોરી જશે આપણને સૌને. આને લઈને આપણે અને આપણી આસપાસના સૌએ મનોમંથન તો કરવું જ પડશે અને સાથે આપણે અમુક પગલાં પણ લેવાં પડશે. પગલાં એટલે કેવાં ? તો કે બે પ્રકારના એકઃ મોબાઈલનો વપરાશ કઈ રીતે ઓછો કરી શકાય અને બે : આપણા જીવનની વાસ્તવિકતાનો સામનો કઈ રીતે કરવો અને એમાંથી હેમખેમ કેવી રીતે બહાર આવવું એનાં બાકી, એક ફિલોસોફરે બહુ સરસ વાત કરી હતી. એણે કહ્યું કે માણસ પોતાની જાતથી ભાગીને કયાંય જઈ શકતો નથી. પલાયન સાધીને પણ છેલ્લે એણે એની જાત પાસે તો આવવું જ પડે છે.જોકે, પલાયન સાધ્યા બાદ જયારે એ પોતાની પાસે આવે છે ત્યારે તે અત્યંત ઘવાયેલો હોય છે. એના માટે પોતાનું જ અસ્તિત્વ ભારરૂપ થઈ જતું હોય છે. ત્યારે જે પ્રશ્નાર્થ સર્જાય એનો ઉકેલ એણે ખુદે જ શોધવો પડે !

**-પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી**
**સાવરકુંડલા**

# અમરેલી : મોટર સાઇકલની નવી સિરીઝ માટે એ.આર.ટી.ઓ. દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા. ૨૬

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકસાઈકલની નવી સિરીઝ GJ 14 BH, BF, 0001 થી 9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી ડિસેમ્બર- ૨૦૨૪ની તા.૨૬ના રોજ સાંજે૦૪ વાગ્યા થી તા.૨૮ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૯ થી તા.૩૦ ડિસેમ્બર-૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૩૦.૧૨.૨૦૨૪ એ જાહેર થશે.ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન. એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ- ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ. એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરીતે અંગેની જાણ બેંકને કરવી.ઈ- ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ઈંડુ શાકાહારી કે માંસાહારી ઈંડુ કોઈ પણ રીતે શાકાહારી નથી

અમરેલી,તા.૨૬

હાલમાં પણ સમાજનો મોટો વર્ગ માને છે કે ઈંડા એ શાકાહારી ખોરાક છે. આવા લોકોને અમુક વર્ગ દ્વારા એવો પાઠ ભણાવી દેવામાં આવ્યો છે કે ઈંડા શાકાહારી છે જો કે આ વાત બિલકુલ ખોટી છે. જો ઈંડુ શાકાહારી છે તો કઈ રીતે? એ સમજાવવા માટે એવું કહેવામાં આવે છે કે ઈંડુ એ એક કોષ (સેલ)થી બનેલું છે એટલે શાકાહારી છે. જો એ સેલ હોય તો તો અને નરી આંખે પણ ન જોઈ શકાતું હોત કારણ કે કોષ (સેલ)ને જોવા માટે માઈક્રોસ્કોપની આવશ્યકતા રહે છે, પરંતુ ઈંડાને જોવા માટે નરી આંખો કરવાની કે માઈક્રોસ્કોપની જરૂર પડતી નથી.

હકીકતમાં જે લોકો ઈંડાનું સેવન કરે છે એ જુદી જુદી વાતો દ્વારા એ સાબિત કરવા માંગે છે કે ઈંડુ એ શાકાહારી છે કારણ કે એ એક કોષીય જીવ છે અર્થાત ઈંડુ ફકત સ્ત્રી કોષથી જ બનેલું છે એટલે કે એ માત્ર કુકડીનું બનેલું છે.

દરેક સ્ત્રીને માસિક થાય છે. મનુષ્યને દર મહિને થાય છે જયારે કુકડીને અમુક નિશ્ચિત સમય બાદ અમુક પ્રકારે માસિક થાય છે. અપરિણિત સ્ત્રીને દર મહિને માસિક થાય છે જયારે પરિણીત સ્ત્રીને સમાગમ બાદ જો ગર્ભ રહે તો માસિક આવતું નથી. કુકડીને પણ એવું જ હોય છે.



ઈંડા અંગે જે કોઈ દલીલો કરવામાં આવે છે એમાં ખરેખર એવું છે કે જો ઈંડુ એ ફકત એક જ સેલથી બનેલું હોય એટલે કે સ્ત્રી સેલ મતલબ કુકડીનાં સેલથી બનેલું હોય તો ઈંડા ખાનાર લોકો જાગૃત થઈ જાવ તમે કુકડીનું માસિક ખાઈ રહ્યા છો અને જો ઈંડુ બે સેલનું હોય એટલે કે મેલ અને ફિમેલનું તો તમે કૂકડા અને કુકડીનાં સમાગમ પછી બનેલું એક અવિકસિત જીવ ખાઈ રહ્યા છો. ઈંડા ખાનાર વ્યકિતઓ જાગૃત થઈ જાવ અને અન્યોને પણ જાગૃત કરો. શાકાહારી બનો.
ઈંડું, પોષણનાં નામે મીંડું.
માંસાહાર સર્વ નાશાહાર

**- મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જીવદયા પ્રેમીઓએ મુખ્યમંત્રીને રજુઆત કરી

# ગૌમાતાને રાજયમાતા ઘોષિત કરીને ગૌશાળાને મળતી સબસીડીમાં વધારો કરો

## દૈનિક ૧૦૦ રૂપિયાની મદદ કરવા માંગ

અમરેલી, તા.૨૬



સદભાવનાવૃદ્ધાશ્રમના વિજય ડોબરિયા, મિત્તલ ખેતાણી, ધીરૂભાઈ કાનાબાર દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ગૌશાળા-પાંજરાપોળો પ્રત્યેક પશુ દીઠ મળતી દૈનિક સબસીડીની રકમ વધારવા માટે રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકાર તેની ગૌમાતા પોષણ યોજનાના ભાગરૂપે ગૌશાળા/પાંજરાપોળોને પશુ દીઠ, દૈનિક, કાયમી મળતી સબસીડી પ્રતિ પશું રૂ।૩૦ આપે છે, જે એક પ્રશંસનીય પગલું છે. જોકે, વર્તમાન પરિસ્થિતિઓ, વધતી જતી મોંઘવારી, દાનનો ઘટતો જતો પ્રવાહ, વધતી જતી પશુઓની સંખ્યાને પ્રયાનમાં રાખીને અને હાલમાં જયારે એક પશુના નિભાવનો દૈનિક ખર્ચ ૧૦૦થી પણ વધારે આવી રહ્યો હોય ત્યારે મુખ્યમંત્રીને આ સહાય ન્યુનત્તમ રૂપિયા ૧૦૦ પ્રત્યેક પશુ દીઠ, દૈનિક, કાયમી સબસીડી આપવા અંગે સકારાત્મક પગલા લેવા વિનંતી કરવામાં આવી હતી તેમજ મહારાષ્ટ્ર રાજયની જેમ ગુજરાતમાં પણ ગૌમાતાને ''રાજયમાતા''નો દરજજો મળે તે માટેની રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ મુદાઓ ધ્યાનથી સાંભળી, જીવદયા અને ગૌસેવા પ્રવૃત્તિઓ માટે પોતાના હદયની સંવેદનાઓ વ્યકત કરી હતી અને આ દિશામાં અબોલ પશુઓના હિતમાં શકય તેટલી મદદ કરવાની ખાતરી આપી હતી.

અત્રે ઉલેખ્ખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વિવિધ જીવદયા પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા બળદ આશ્રમ ચલાવવામાં આવે છે જેમાં હાલમાં ૧૬૦૦ બળદોને આશ્રય અપાઈ રહ્યો છે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર-બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ, તરસ, બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ાન આશ્રમ પણ ચલાવવામાં આવે છે જેમાં હાલમાં ૧૫૦ આશ્રય અપાઈ રહ્યો છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા, ફેકચરવાળા, અંધ, અપંગ ાનોને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર, સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. શ્વાન આશ્રમમાં પ્રથમ તબક્કે ૧૦૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૫૦ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ ાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર ાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃશુલ્ક પશુ/પક્ષી દવાખાનું, પાંજરાપોળ પણ ચલાવવામાં આવે છે. જેમાં ઘાયલ, બીમાર પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. જયાં ઓપરેશન થિયેટર, પશુ-પક્ષી રહેવાસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

### ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદની શક્યતા

# સમગ્ર ઉ. ભારતમાં શીત લહેરના કારણે લોકોની હાલત ખરાબ

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદનો સિલસિલો શરૂ થયો

નવી દિલ્હી, તા.૨૬

દેશભરમાં ઠંડી દરરોજ નવા રેકોર્ડ તોડી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં શીતલહેરના કારણે લોકોની હાલત ખરાબ છે. આમ છતાં ધુમ્મસ બિલકુલ દેખાતો નથી. હવે હવામાન વિભાગે આનું ચોંકાવનારું કારણ આપ્યું છે. હવામાન શાસ્ત્રીઓના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે ધુમ્મસ દેખાતો નથી અથવા તો ઓછો છે. પરંતુ આ વરસાદથી ઠંડીમાં ચોક્કસ વધારો થયો છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર સોમવાર અને મંગળવારે હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને ઠંડીમાં પણ વધારો થયો હતો. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બુધવારે લખનૌમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો હતો. જેના કારણે દિવસનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૧૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના સમયે આછો તડકો પડતાં વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જેના કારણે લોકોએ ક્રિસમસના અવસર પર હવામાનની મજા માણી હતી. ગોમતીનગરના રહેવાસી દેવેન્દ્ર વર્માએ જણાવ્યું કે, વરસાદ પછી સૂરજ બહાર આવતાં ક્રિસમસની ઉજવણીની મજા બમણી થઈ જાય છે. પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં ક્રિસમસની પૂર્વસંધ્યા પર મંગળવારે ભદ્રવાહમાં એટલો બરફ વરસ્યો કે રજાઓનો આનંદ માણવા આવેલાં લોકો માટે આ પૈસા વસૂલ ટ્રીપ બની ગઈ. બરફવર્ષા જોઈને તેઓ બોલી ઉઠ્યા કે અમારી બરફ જોવાની ઈચ્છા પૂરી થઈ ગઈ. જમ્મુ કાશ્મીરના ભદ્રવાહ વિસ્તારના પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષાના પગલે નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. પહાડો બરફમય બની ગયા છે અને આજુબાજુ જ્યાં નજર કરો ત્યાં સફેદ બરફની ચાદર છવાઈ ગઈ છે. જેને જોઈને પ્રવાસીઓના દિલ ગાર્ડન ગાર્ડન થઈ ગયા છે. પહાડો પર સતત હિમવર્ષાથી ઠંડીમાં પણ વધારો થયો છે. જેના કારણે પહાડોથી લઈને મેદાની પ્રદેશ સુધી ઠંડા પવનો લોકોને ધ્રૂજાવી રહ્યા છે. હવામાન શાસ્ત્રી અતુલ કુમાર સિંહે જણાવ્યું કે, ઉત્તરપ્રદશમાં ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદ શરૂ થવાની સંભાવના છે. આ સાથે તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે, ૨૯ ડિસેમ્બર પછી ઠંડી વધુ તીવ્ર બની શકે છે. જેના કારણે દિવસ દરમિયાન શીત લહેરની અસર જોવા મળી શકે છે.

હવામાન વિભાગે ખેડૂતોને સતર્ક રહેવાની સલાહ આપી છે. સંભવિત વરસાદ અને બરફ વર્ષાના કારણે પાકને નુકસાન થઈ શકે છે. વિભાગે ખેડૂતોને તેમના પાકને બચાવવા માટે જરૂરી પગલાં લેવાની ચેતવણી આપી છે.

### વડાપ્રધાને કેન-બેતવા 'રિવર લિન્કિંગ પ્રોજેક્ટ'નું ભૂમિપૂજન કર્યું

# જળસ્ત્રાવોના વિકાસમાં આંબેડકરના ફાળાને કોંગ્રેસે અવગણ્યો : પીએમ મોદી

## ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે, જળસુરક્ષા ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે

ખજુરાહો, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર કોંગ્રેસ પર આંબેડકરની અવગણનાનો આરોપ મૂક્યો છે. તેમણે મધ્યપ્રદેશમાં કેન-બેતવા 'રિવર લિન્કિંગ પ્રોજેક્ટ'ના ભૂમિપૂજન પ્રસંગે જણાવ્યું હતું કે, કોંગ્રેસે જળસ્ત્રોતોના વિકાસમાં ડો. આંબેડકરના યોગદાનની અવગણના કરી છે. ખજુરાહો ખાતેના કાર્યક્રમમાં બોલતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ''૨૧મી સદીમાં પૂરતા અને યોગ્ય રીતે સંચાલિત જળસ્ત્રોતો ધરાવતા દેશો જ પ્રગતિ કરી શકશે.'' ઉલ્લેખનીય છે કે, મોદીનું આંબેડકર અંગેનું નિવેદન થોડા સમય પહેલાં ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણીથી થયેલા વિવાદ પછી આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, ''દેશમાં જળસ્ત્રોતોના વિકાસ, મેનેજમેન્ટ અને બંધના નિર્માણમાં આંબેડકરના વિઝન અને દૂરંદેશીએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે મોટા 'રિવર વેલી પ્રોજેક્ટ્સ' અને સેન્ટ્રલ વોટર કમિશનની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.''રિવર લિંન્કિંગ કાર્યક્રમમાં બોલતી વખતે મોદીએ જણાવ્યું હતું કે, ''કોઈને પણ પૂછો કે સ્વતંત્રતા પછી દેશમાં જલશક્તિના દૂરંદેશી વિષય પર કોણે વિચાર્યું હતું? મારા પત્રકાર મિત્રો પણ આ પ્રશ્નનો જવાબ નહીં આપી શકે. કારણ કે દેશના જળસ્ત્રોતોનો જશ એક વ્યક્તિને આપવા માટે સત્યને દબાવી દેવાયું હતું. જળસ્ત્રોતોના વિકાસ, બંધના નિર્માણ જેવા વિષયોમાં એક મહાન વ્યક્તિનું યોગદાન હતું અને એ હતા બાબાસાહેબ આંબેડકર. જોકે, કોંગ્રેસે જળસંચય અને મોટા બંધના નિર્માણ માટે તેમને ક્યારેય શ્રેય આપ્યો નથી.'' ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે, ''જળસુરક્ષા ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે. જળસ્ત્રોતોનું યોગ્ય મેનેજમેન્ટ કરનારા દેશો જ વર્તમાન સદીમાં પ્રગતિ સાધી શકશે. રૂ.૪૪,૬૦૫ કરોડના ખર્ચે તૈયાર થનારા કેન-બેતવા પ્રોજેકટથી મધ્યપ્રદેશના ૧૦ જિલ્લાના લગભગ ૪૪ લાખ અને ઉત્તર પ્રદેશના ૨૧ લાખ લોકોને પીવાનું પાણી મળશે. ઉપરાંત, ૨૦૦૦ ગામના ૭.૧૮ લાખ કૃષિ પરિવારોને પ્રોજેકટનો લાભ મળશે.

# વડિયા ખાતે દિવ–ઉનાથી વીરપુર જતાં પદયાત્રીઓની સેવા કરાઈ







તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

છેલ્લા ૨૫ વર્ષથી ઉનાથી પદયાત્રી સંઘનું વડીયા મુકામે સંતો કી સરકારના નામથી ઓળખાતા ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ના મહામંત્રી અને વડીયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વડીયા લોહાણા મહાજનના મંત્રી મીતુલભાઈ કાંતિલાલ ગણાત્રાને ત્યાં રાત્રી રોકાણ થાય છે. ૨૦૦૧ થી પદયાત્રીની શરૂઆત કરનાર મનુભાઈ એવન પાન, વાળાને દીપકભાઈ ખીરૈયા, ઉમેશભાઈ પટેલીયા ને એમની ટીમ દ્વારા શરૂઆત કરેલીને એ પદયાત્રાને આજે ૨૫ વર્ષ સુધી જલારામબાપાની ભકિતને ચાલુ રાખવા કાનાભાઈ ગંગદેવ, ભરતભાઈ ગંગદેવ, રમેશભાઈ રૂપારેલિયા, ભાવિનભાઈ કાનાબાર, સુરેશભાઈ રાયચુરા, બિપીનભાઈ પંડત, ગોપાલભાઈ ગંગદેવ ત્યારપછી પાર્થભાઈ રૂપારેલિયા, આકાશભાઈ તન્ના, મયુરભાઈ ભુપતાણી, અરવિંદભાઈ કાનાબાર, જીગરભાઈ લાખાણી, ધવલભાઈ લાખાણી, પરેશભાઈ સુચક, પીન્ટુભાઈ લાખાણી અને છેલ્લા ઘણા વર્ષોથી મહિલાની સાથે ચાલીને મેનેજમેન્ટ કરતા કરતા પોતે પણ ચાલીને સેવાનું ભાથું બાંધે છે એવા સન્માનીય બહેન ચાંદનીબહેન પરેશભાઈ સુચક અને દીવથી શ્યામભાઈ સોલંકી અને રાજુભાઈ કે. ત્રિવેદી અને ઘોઘલામાં કાંતિભાઈ આ બધા લોકો સાથે મળી ને આજે ૨૫ વર્ષ પૂરા થયાને જલારામબાપાની પદયાત્રાને ચાલુ રાખી છે. વડીયામાં રાત્રી રોકાણ મિતુલભાઈ કાંતિલાલ ગણાત્રાને ત્યાં કરે છે. મારા ભગવાન મહેમાન બને છે ત્યારે જે પણ સેવાના કાર્યો થઈ શકે છે એમના સાચા હકદાર તો એમના માતાશ્રી કાંતાબેન કાંતિલાલ ગણાત્રા અને પિતા કાંતિલાલ છોટાલાલ ગણાત્રાના આશીર્વાદથી જ આ સેવાના કાર્યો શકય છે અને ખાસ એમના ધર્મ પત્ની શીતલબેન મીતુલભાઈ ગણાત્રા કે એમને હરહંમેશ સેવા કરવામાં એમનો સાથ સદાય સાથે જ હોઈ છે. ભોજન પ્રસાદી બનાવવાની સેવા છેલ્લા ૨૫ વર્ષથી એક પણ રૂપિયા લીધા વગર રસોઈ બનાવવાની સેવા આપે છે એવા ભગવાન લલિતભાઈ ગણાત્રા અને મહેશભાઈ વાઘેલા, કરણભાઈ વાઘેલા, ભાવેશભાઈ રાઠોડ જે બધા એક પણ પૈસો લીધા વિના રસોઈ બનાવવાની સેવા આપે છે. ખાસ શ્રમ સેવા કે ગાદલા પાથરવાથી જમાડવા અને ગરમ પાણીથી પગ ધોવડાવવા સુધી થી સેવા આપે છે એવી મારી ટીમ કનુભાઈ કહોર, ભવ્ય સાદરાણી, હેત સાદરાણી, સોહમ લલ્લુવાડિયા, બાબુભાઈ સિંગાળા, પરસોતમભાઈ છોડવડિયા, કાળુભાઈ ઢોલરિયાની, પરેશ ઠુમ્મર, બાલાભાઈ વસોયા, દેવકુભાઈ મોડા, ભગત રાદડીયા, વિપુલ બરછા, ભરત વડેરિયા, પી પીન્ટુ સોની, લાલો દયોરા આર્મીમેન, ભાણભાઈ સગર, મહાજનવાડીના માતાજી મોરીભાઈ આ બધા લોકોના સાથ છે ત્યારેજ મિતુલ ગણાત્રા આવા સેવાના કાર્યો કરી શકે છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૮૮૧ | ૧૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૫ | ૧૪૯૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૮૪ | ૧૧૬૬ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૩૬ | ૧૦૭૪ |
| ૫ | અડદ | ૧૧૪૫ | ૧૩૦૫ |
| ૬ | ઘઉં | ૫૧૨ | ૬૩૨ |
| ૭ | જીરૂ | ૪૦૧૦ | ૪૩૬૦ |
| ૮ | સોયાબીન | ૭૮૮ | ૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૮૯ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૪૦ | ૧૩૦૪ |
| ૩ | શિંગ મોટી | ૮૪૫ | ૧૨૦૮ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૯૦ | ૧૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૭૨ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૪૯૩૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૩૦ | ૩૨૮૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૨૫ |
| ૯ | જુવાર | ૪૫૪ | ૯૦૪ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૬ | ૬૧૪ |
| ૧૨ | મગ | ૯૫૦ | ૧૭૨૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૫૯૨ |
| ૧૪ | ચણા | ૮૧૦ | ૧૨૮૩ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૫૦૮ |
| ૧૬ | કપાસ | ૭૦૦ | ૧૪૬૫ |
| ૧૭ | એરંડા | ૧૦૯૫ | ૧૨૦૯ |
| ૧૮ | જીરૂ | ૨૩૦૦ | ૪૪૦૦ |
| ૧૯ | ધાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૩૩ |
| ૨૧ | રજકાનું બી | ૩૬૭૫ | ૪૮૫૦ |
| ૨૨ | મરચા લાંબા | ૪૧૦ | ૨૮૫૦ |
| ૨૩ | કાંગ | ૬૯૦ | ૬૯૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં મહિલા પોલીસ કર્મીએ**

જેને લઈને મહિલા પોલીસ કર્મીને ૪ દિવસથી અટકાયત કરાયાનો આક્ષેપ મહિલા પોલીસ કર્મીએ લખેલ નોટમાં જણાવેલ છે.

બીજી તરફ આજે સવારે નીલવડાનાં ફરિયાદી પક્ષે આરોપી તરીકે મહિલા પોલીસ કર્મી રાજેશ્રીબેન વાળાનું નામ દાખલ કરવા અધિક જિલ્લા કલેકટરને રજૂઆત કરીને બાદમાં બાબરા ખાતે મહિલા પોલીસ કર્મીએ ફિનાઈલ પી લેતાં તેણીને સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આમ બાબરાનાં નીલવડા ગામે થોડા દિવસો પહેલા બાઈક અથડાવવા બાબતે થયેલ મારામારીની ઘટનામાં બબ્બે ફરિયાદ નોંધાયા બાદ ફરિયાદી પક્ષની તટસ્થ તપાસની માંગ, આરોપીનાં બહેન પોલીસકર્મી ઉપર દબાણ અને અંતે ફિનાઈલ જેવી ઘટના બનતાં ચકચાર મચી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૩૮૦ | ૨૩૮૦ |
| ૩ | તલ પીળા | ૩૦૦૦ | ૩૨૨૬ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૫૬ |
| ૫ | બાજરો | ૪૮૦ | ૬૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૬૩ |
| ૭ | જુવાર | ૭૭૧ | ૮૨૧ |
| ૮ | મકાઈ | ૪૪૧ | ૫૫૧ |
| ૯ | મગ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| ૧૦ | મઠ | ૧૦૦૧ | ૧૨૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૭૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૧ |
| ૩ | શીંગ ગીરનારી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૩૦ |
| ૫ | તલ કાળા | ૪૩૦૦ | ૪૯૩૦ |
| ૬ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૬૦ |
| ૭ | કપાસ | ૧૩૨૨ | ૧૪૮૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૫ | ૬૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૦ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૬૨૦ |
| ૧૧ | જુવાર | ૪૭૦ | ૭૮૧ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૮૮ |
| ૧૩ | ચણા | ૧૦૨૦ | ૧૪૪૦ |
| ૧૪ | તુવેર | ૧૨૫૦ | ૧૪૩૮ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૬ | સોયાબીન | ૬૫૦ | ૭૮૧ |
| ૧૭ | સુવાદાણા | ૧૦૦૦ | ૧૨૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું **વડિયા–સુરત રૂટની એસ.ટી. બસ**

માર્ગદર્શન આપેલ.

તમામ ઈજાગ્રસ્તોની સારવાર ડો. પુઠવા અને ડો. ડોડીયા દ્વારા કરવામાં આવી રહી છે. સદનસીબે જાનહાની ટળતાં સૌએ હાકારો લીધો હતો.

જોકે ૧૫ ઈજાગ્રસ્તમાંથી ૩ વ્યકિતઓને જેતપુર અને અમરેલી ખાતે રીફર કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **નીલવડા ગામે હત્યાની કોશિષ**

ગામના શિવાભાઈ ગભરૂભાઈ ધાધલ તથા લાલો બાબુભાઈ ધાધલે ઢીકાપટુનો માર મારી અને છરી મારી દેવાની ધમકી આપી જાહેરમાં જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી, હડધુત કરેલ હોય જેથી તે લોકો વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ લખાવેલ હોય. ત્યારે બાબરા ગામે રહેતા આરોપીઓ ભયલુભાઈ બહાદુરભાઈ વાળા, રવિરાજભાઈ બહાદુરભાઈ વાળા નામના આરોપીઓ તે લોકોના સબંધી થતા હોય જેની જાણ આ કામના આરોપીઓને થયેલ હોય જેથી તે ફરિયાદનું રાગદ્વેશ રાખી ગત તા. ૨૨ ના રોજ સાંજે ૬ વાગ્યે નીલવડા ગામે ખેડૂતને આરોપીઓએ કહેલ કે તે કેસમાં સમાધાન કરી નાખજો, નહીંતર તમને જોઈ લઈશ. તેમ કહી આ કામના ભયલુભાઈ બહાદુરભાઈ વાળા, રવિરાજભાઈ બહાદુરભાઈ વાળા નામના આરોપીઓએ ખેડૂતને જાનથી મારી નાખવાનું પુર્વ આયોજીત કાવતરૂ રચી લોખંડના પાઈપો લઈને મોટર સાઈકલ લઈને નીલવડા ગામે આવી ખેડૂતને બિભત્સ શબ્દોમાં ગાળો આપી, આરોપીઓએ મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપોથી ખેડૂતને મારમારી બન્ને પગ તથા ડાબા હાથે ગંભીર તથા ફેકચરો આવે તેવી ઈજા પહોંચાડી તેમજ જમણા હાથે મુંઢ ઈજા કરી, જાહેરમાં જ્ઞાતિપ્રત્યે અપશબ્દો બોલી આપમાનીત કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ગુન્હાની ગંભીરતા સમજી બાબરા પોલીસ સ્ટેશન તેમજ અમરેલી એલ.સી.બી. તથા એસ.ઓ.જી. શાખા પોલીસની અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સ મદદથી તેમજ હ્યુમન સોર્સની માહિતી આધારે બાબરા ગામે રાજકોટ રોડ ઉપર આવેલ ચીત્રકુટ સોસાયટી બ્લોક નં. ૨૯ માં રહેતા આરોપી રવીરાજભાઈ બહાદુરભાઈ વાળાને ગણતરીની કલાકોમાં શોધી કાઢી બાબરા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીને અટક કરી, પોલીસ રીમાન્ડ મેળવી આજરોજ આરોપીને સાથે રાખી ગુન્હામાં ઉપયોગમાં લીધેલ લોખંડનો પાઈપ ડીસ્કવરી પંચનામાં દરમ્યાન કબ્જે કરવામાં આવેલ તેમજ આરોપીને સાથે રાખી નીલવડા ગામે બનાવનું રીકન્ટ્રકશન કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૯ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૯૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ૬ | મગફળી | ૫૦૦ | ૯૪૦ |
| ૭ | ચણા | ૧૦૧૦ | ૧૩૦૧ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૨૦ |
| ૯ | ધાણા | ૧૨૦૦ | ૧૪૨૬ |
| ૧૦ | ચણા સફેદ | ૧૨૪૬ | ૧૨૪૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | લસણ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૦૮૦ | ૧૧૫૦ |

**સંકુલ PG બોયઝ કોલેજ – મંજુરી પ્રક્રિયા ચાલુ**

* સંકુલ માં M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેકનોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.
* સંકુલ માં M.Com ઈંગ્લીશ મિડીયમ – M.Com. ગુજરાતી મિડીયમ ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજની મંજુરી માંગેલ છે.
* સંકુલ માં MA ઈંગ્લીશ – MA સાયકોલોજી – MA સોસીયોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ: – શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી. - Ad 086

## કુલ મુખત્યારનામું રદ યાને કેન્સલ કરવા અંગેની જાહેર નોટિસ

આથી અમો નં.૧ નાગભાઈ માણસીયાભાઈ વાળા ઉ.વ.આ.૭૨ નં.૨ કાથડભાઈ માણસીયાભાઈ વાળા ઉ.વ.આ.૬૨ નં.૩ હાથીભાઈ કાળુભાઈ વાળા ઉ.વ.આ.૫૦ તમામ રહે. બાબરા, તા.બાબરા, જિ.અમરેલીનાઓ આથી જાહેર કરીએ છીએ છીએ કે,

બાબરા ગામે અમારા વડીલો સ્વ. ખોડાભાઈ માસાભાઈ વાળાનાં નામની ખેતીની જમીન તથા ગામતળની જમીન તથા ખળાવાળની જમીન વિગેરેનો વહીવટ કરવા માટે અમોએ શ્રી ચાપરાજભાઈ બાવાભાઈ વાળા રહે. બાબરા વાળાને અમારા કુલમુખત્યાર નિમેલ હતા. અને જે અંગેનું કુલમુખત્યારનામું નોટરી રજી. ૧૨૫/૧૦, તા.૨૦/૦૨/૨૦૧૦ થી કરી આપેલ હતું. આ કુલમુખત્યારનામા આધારે કોઈ વ્યવહાર થયેલ નથી. આ કુલમુખત્યારનામું આપનારાઓ પૈકી અમુક ઈસમોના અવસાન થયેલ છે. અને અમો આજરોજ આ કુલમુખત્યારનામું રદ્ કરીએ છીએ. હવેથી ચાપરાજભાઈ બાવાભાઈ વાળા અમારા કુલમુખત્યાર રહેતા નથી અને જેઓ અમારી મિલ્કતનો કુલમુખત્યારનામાના આધારે કોઈપણ પ્રકારનો વહીવટ, વ્યહાર, કરાર, સહીઓ, કરવા હક્કદાર રહેશે નહી. અમોએ આ કુલમુખત્યારનામું રદ્ કરેલ હોય આ કુલમુખત્યારનામું બીન અમલી અને રદ્બાતલ ગણવાનું રહેશે. જેથી આ કુલમુખત્યારનામા આધારે કોઈ વ્યકિત, સંસ્થાએ કે કોઈએ કોઈપણ પ્રકારનાં વ્યહાર કરવા નહી જેની દરેક વ્યકિતએ નોંધ લેવી.

સ્થળ : બાબરા
તા.૨૬/૧૨/૨૦૨૪

સહી :
૧) વાળા નાગભાઈ માણસીયાભાઈ
૨) કાથડભાઈ માણસીયાભાઈ વાળા
૩) હાથીભાઈ કાળુભાઈ વાળા

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૧૩ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૧૦૫૨ |
| ૩ | ઘઉં | ૫૨૨ | ૫૯૫ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૨૬૫ |
| ૫ | જુવાર | ૫૫૧ | ૬૦૧ |

# સાવરકુંડલા ખાતે રેડક્રોસ સોસાયટી દ્વારા નેત્ર નિદાન કેમ્પ અને ચશ્મા વિતરણ









સાવરકુંડલા રેડ ક્રોસ સોસાયટી દ્વારા વિનામૂલ્યે આંખના ચશ્મા વિતરણનો કેમ્પ યોજાયો. સાવરકુંડલા શહેરના ૭૦૦ થી વધુ લોકોને આંખના ચશ્માનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી માત્ર રકતદાન કેમ્પ જ નથી કરતી પરંતુ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરે છે. સમયની સાથે કદમ મિલાવી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના તાલુકા દ્વારા વિવિધ મેડિકલ કેમ્પો પણ યોજવામાં આવી રહ્યા છે. સાવરકુંડલા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ આ સંદર્ભે સતત કાર્યરત જોવા મળે છે. પોતાના વ્યાવસાયિક સમયને છોડીને પણ પોતે આવી સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહે છે. સાવરકુંડલા રેડ ક્રોસ સોસાયટી ગતરોજ પણ સાવરકુંડલા ખાતે આવેલ ગિરધર ઘર વૃધ્ધાશ્રમ ખાતે નિવાસ કરતાં લોકોની પણ આંખોની તપાસ અને ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત સાવરકુંડલા ખાતે આવેલ માનવમંદિરના મનોરોગી બહેનોની પણ આંખોની તપાસ તેમજ જરૂરિયાતમંદને મફત ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાશે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા તેમના ધર્મપત્ની પૂજાબેન વ્યાસ પણ આવી સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય સહકાર આપે છે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં ચેરમેન ડો. વડેરા તથા ડો. સંઘવીનો પણ સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો.

# સાવરકુંડલાનાં રઘુવંશી સેવાભાવી સ્વ. નરેન્દ્રભાઈ વણઝારાને ભાવાંજલિ અર્પણ કરાઈ



સાવરકુંડલા શહેરના
રઘુવંશી સમાજના સેવાભાવી
અગ્રણી અને રઘુવંશી સમાજની
વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા
અક્ષર પુઢષોત્તમ સંપ્રદાયના ચુસ્ત
સેવક એવાં સ્વ નરેન્દ્રભાઈ રતિલાલ
વણઝારાનું નિધન થતાં તેમની
પ્રાર્થનાસભા આજરોજ સાવરકુંડલા
લોહાણા મહાજન વાડી ખાતે
યોજાયેલ.માત્ર રઘુવંશી સમાજના
જ નહીં પરંતુ અન્ય વિવિધ
સમાજના આગેવાનો તેમજ
બીએપીએસ અમરેલી
સ્વામિનારાયણ મંદિરના કોઠારી સંત
પૂ.સાધુચરિત સ્વામિ પણ ઉપસ્થિત
રહ્યા હતા અને આ દુઃખદ ઘડીએ
પરિવારને સાંત્વના પાઠવી સ્વ.
નરેન્દ્રભાઈના સદગુણોને યાદ કર્યા
હતાં અને પરિવાર પર આવી પડેલી
આ અણધારી દુખને સહન કરવા
માટે પરમ કૃપાળુ પરમાત્મા એમના
આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના
પણ કરી હતી. આ પ્રસંગે રઘુવંશી
સમાજના અગ્રણીઓ દ્વારા પણ સ્વ.
નરેન્દ્રભાઈના સદગુણોને યાદ
કરીને ભાવભરી શ્રધ્ધાંજલી પાઠવી
હતી. સદ્ગતને ભાવભરી
શ્રધ્ધાંજલિ અર્પણ કરવા લોહાણા
મહાજન વાડીના આ વિશાળ
હોલ પણ ટૂંકો પડે એવી પરિસ્થિતિ
સર્જાય હતી જે તેના સેવાકીય
કાર્યનો બોલતો પુરાવો છે.

### રાજસ્થાનનાં પીપલાંત્રી ગામે વિશ્વભરમાં નામના મેળવી

## દીકરીઓના સન્માન અને પર્યાવરણ જાળવણીનું અનોખુ ઉદાહરણ

### દરેક દીકરીના જન્મ નિમિત્તે ૧૧૧ વૃક્ષ વાવવામાં આવે છે

અમરેલી, તા. ૨૬
રાજસ્થાનના પીપલાંત્રી
ગામેદીકરીઓનાસન્માનઅનેપર્યાવરણ
જાળવણી માટે અનોખી પ્રથાઓ અને
પ્રયત્નોથી વિ ભરમાંમાન્યતા મેળવી છે.
ગામની આ પ્રથા ૨૦૦૬થી શરૂ થઈ હતી,
ત્યારે ગામના પૂર્વ સરપંચ શ્યામ સુંદર
પાલીવાલે આ અભિયાનની શરૂઆત કરી
હતી. તેમની દીકરી કિરણના અકાળ મૃત્યુ
પછી, તેમણે દીકરીઓના સન્માન અને
પર્યાવરણનીસુરક્ષામાટેનવીપ્રથાઉભીકરી
હતી.
પીપલાંત્રી ગામમાં દરેક
દીકરીના જન્મ પર ૧૧૧ વૃક્ષ વાવવામાં
આવે છે. આ માત્ર દીકરીના જન્મનો જ
ઉત્સવ નથી, પણ પર્યાવરણ માટે અમૂલ્ય
યોગદાન છે. ૧૧૧ વૃક્ષોના વાવેતર સાથે,
ગામનીદીકરીઓનાજન્મનેપર્યાવરણજાળ
વણી સાથે જોડવામાં આવે છે. આ વૃક્ષોની
સંભાળ અને જતન માટે ગામવાસીઓ
સમુહમાં જોડાઈને કામ કરે છે, જે દીકરીના
જન્મને લાંબાગાળાના વિકાસ સાથે જોડે છે.
ગામનીદીકરીઓમળીનેઆવૃક્ષોનેદરવર્ષે
રાખડીબાંધેછેઅનેએવૃક્ષોનેતેઓપોતાના
ભાઈ જ માને છે, કારણ કે એ વૃક્ષો તેમની
માતાએ જ વાવ્યા છે.આ સાથે, ગામમાં '
કિરણ નિધિ યોજના' હેઠળ સૌ ગામ લોકો
દીકરી માટે ૨૧,૦૦૦ રૂપિયા ભેગા કરે છે
અને તેની FD (સ્થાયી થાપણ) દીકરીના
નામે કરવામાં આવે છે. આ યોજનાનો હેતુ



દીકરીના ભાવિ માટે નાણાકીય સુરક્ષાપ્રદાન
કરવાનો છે. આ કામમાં ગામવાસીઓ અને
ઉદ્યોગપતિઓ સહભાગી બને છે. આ નિર્ણય
ગામની દીકરીઓ માટે નાણાકીય આધાર પૂરો
પાડે છે અને બાળવિવાહ જેવા સામાજિક
દુષણોને રોકવાનો પ્રયાસ કરે છે.પીપલાંત્રી
ગામ પર્યાવરણ જાળવણીમાં પણ આગવું
યોગદાન આપી રહ્યું છે. એક સમયે ગામની
જમીનસુકાઈ ગઈ હતી, પાણીની તીવ્ર અછત
હતી અને ખેતરો બેરણ થઈ ગયા હતા. સે
જંગલી પ્રાણીઓ રેતાળ પ્રદેશ થઈ જવાને
કારણે ગામમાંથી નીકળી ગયા હતા. ગામના
વૃક્ષારોપણ અભિયાન અને જળસંચય
માટેના પ્રયત્નોથી ગામની જમીનમાં ફરીથી
જનજીવન ફરકવા લાગ્યું છે. આ વૃક્ષો માત્ર
પર્યાવરણ માટે જ નહીં, પણ પ્રાણી અને
માનવ જીવન માટે પણ મક્કમ આધારરૂપ
બન્યાં છે.અહીંની એક અનોખીપરંપરા એ
છે કે કોઈ વ્યકિતના મરણ પછી પણ તેના
સ્મરણમાં ૧૧ વૃક્ષ વાવવામાં આવે છે. આ
પ્રથા પર્યાવરણની જાળવણી સાથે માનવીય
સંવેદનશીલતા અને સામાજિક
પ્રતિબદ્ધતાનો સંકલન કરે છે. આ અભિયાન
દ્વારા પીપલાંત્રી ગામમાં અત્યારસુધી
લાખોની સંખ્યામાં વૃક્ષો વાવવામાં આવ્યા છે
અને તેનું જતન પણ કરવામાં આવ્યું
છે.પીપલાંત્રી ગામે દીકરીના સન્માન અને
પર્યાવરણ જાળવણીના આ અનોખા
અભિયાનથી સૂકેલી, ઉજજડ જમીનને
ફરીથી હરિયાળી બનાવી છે. પીપલાંત્રી ગામ
સમાજ માટે એક પ્રેરણાસ્થાન બન્યું છે. દરેક
ગામ, શહેરો અને રાજયોએ પીપલાંત્રી
ગામથી પ્રેરણા લેવી જોઈએ અને વૃક્ષારોપણ
કરવું જોઈએ. દુનિયાના દરેક લોકો જો
પોતાના જીવનકાળ દરમિયાન એક એક
વૃક્ષ વાવશે તો સમગ્ર વિમાં ફરીથી
હરિયાળી ફેલાઈ જશે અને પ્રદુષણની
સમસ્યાને દૂર કરી શકાશે.
**– માહિતી : મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## શિયાળાની કડકડતી ઠંડીમાં કેવી રીતે લઈશું પશુ, પક્ષીઓની કાળજી



અમરેલી, તા.૨૬
શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ
છે અને દિવસે દિવસે તાપમાનમાં ઘટાડો થતા
ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. શિયાળાની
ઠંડીમાં પશુ અને પક્ષીઓનું ધ્યાન રાખવું ખૂબ
જ મહત્વપૂર્ણ છે. પશુઓ અને પક્ષીઓના શરીર
પર તાપ માટે સાહજિક તંત્ર હોય છે એ છતાં,
તીવ્ર ઠંડીમાં તેમના શરીરનું તાપમાન ઘટી શકે
છે, જે તેમના માટે હાઈપોથર્મિયા જેવી જિંદગી
માટે જોખમકારી પરિસ્થિતિઓનું નિર્માણ થઈ
શકે છે. ઠંડીના દિવસોમાં પશુ, પક્ષીઓને
તેમના શરીરનું તાપમાન જાળવવા માટે ઉર્જાની
જરૂર પડે છે. તેમના શરીરમાં ઉર્જા અને
પોષણની કમી તેમને નબળા પાડી શકે છે, જેના
કારણે તેમની રોગપ્રતિકારક શકિત પર અસર
થાય છે અને તેમને બીમારીઓ થવાની
સંભાવના વધે છે. ઠંડીમાં પાણી ઠંડીને કારણે
જામી શકે છે અથવા અતિ ઠંડુ હોવાના કારણે
પશુઓ અને પક્ષીઓને પૂરતું પાણી મળતું નથી.
પાણીની અછત તેમને ડિહાઈડ્રેશન તરફ ધકેલી
શકે છે. અતિ ઠંડીના કારણે પશુ, પક્ષીઓ
શ્વાસ નળી સંબંધિત રોગો, સોજા જેવી
તકલીફોમાં સપડાઈ શકે છે.આ તમામ
કારણોસર ઠંડીના સમયમાં પશુ, પક્ષીઓની
વિશેષ કાળજી લેવી જોઈએ. તેમના માટે
આવાસની વ્યવસ્થા કરવી જોઈએ. તેમના માટે
છાપરા અથવા શેડનું ઘર બનાવી શકાય છે જેથી
તે ઠંડી હવાથી બચી શકે. પશુઓના રહેવા માટે
ગાદલા, ભૂસુ અથવા ઘાસની વ્યવસ્થા કરવી
જોઈએ જેથી તેઓ ગરમ રહી શકે. જો શકય
હોય તો, ગરમી માટે કોઈ ઉષ્મા સ્ત્રોત, જેમ કે
હીટર અથવા દીવા, વાપરવા જોઈએ પરંતુ એ
વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે પશુ,
પક્ષીઓ હીટર, દીવા કે અન્ય કોઈ આગવાળ
ા અથવા ઈલેકટ્રોનિક સાધનોના સીધા સંપર્કમાં
ન આવે. શિયાળામાં પશુઓને ઉર્જા વધુ જરૂરી
હોય છે, તેથી પૌષ્ટિક ખોરાક અને હુંફાળા
પાણીની વ્યવસ્થા કરવી જોઈએ. ઠંડીમાં પશુ,
પક્ષીઓની રોગપ્રતિકારક શકિત ઘટતી જતી
હોઈ છે, એટલે સમયાંતરે તેમની તબીબી
ચકાસણી કરાવતી રહેવી જોઈએ.
**– મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## સાવરકુંડલા ખાતે ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જાગૃતિ સેમિનાર યોજાયો






સાવરકુંડલા, તા.૨૬
સાવરકુંડલા રાષ્ટ્રીય ગ્રાહક
અધિકાર દિવસ નિમિતે જે.વી.મોદી
હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા
અને ગ્રાહક જાગૃતિ અંગેનું માર્ગદર્શન
સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા
આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં
ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ હિરાણી,
પાંધી તેમજ હર્ષદભાઈ જોશી અને શ્રીમતી
શ્રધ્ધાબેન જોષી હાજર રહ્યા હતા.
કાર્યક્રમની શરૂઆતમાં શાળાના સિનિયર
શિક્ષક જીતુભાઈ ભટ્ટ દ્વારા આમંત્રિત
મહેમાનોને આવકારવામાં આવ્યા હતા.
ત્યારબાદ બીપીનભાઈ પાંધી દ્વારા
ઓનલાઈન શોપિંગ અને ખરીદી
વખતે કઈ બાબતોને ધ્યાનમાં રાખવી તે
વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં
આવી. હર્ષદભાઈ જોશી એ પોતાની
હાસ્ય શૈલીમાં વિદ્યાર્થીઓને ગ્રાહક
સુરક્ષાના નિયમો સમજાવ્યા અને અંતે
ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ હિરાણી
ગ્રાહકોને લગતી તમામ બાબતોની વિસ્તૃત
ચર્ચા કરી. કાર્યક્રમના અંતે શાળાના
આચાર્ય આશિષભાઈ જોશી દ્વારા
પ્રસંગોચિત બે શબ્દો કહેવામાં આવ્યા
અને આભાર વિધિ પૂર્ણ કરવામાં આવી
આ કાર્યક્રમને સફળ બનાવવા
કન્ઝ્યુમર કલબના કન્વીના શૈલેષભાઈ
ખરાડીએ જેહમત ઉઠાવી હતી.

## શું કહે છે વેદ, પુરાણો અને ગ્રંથો ગૌમાતા અને જીવદયા વિષે




અમરેલી, તા.૨૬
વેદોમાં પૃથ્વી પર રહેતા
તમામ જીવોની જીવનની એકતા અને
પરસ્પર સંલગ્નતા પર ભાર મૂકવામાં
આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે
પ્રકૃતિ, પ્રાણીઓ અને માનવીઓ વચ્ચે
સન્માનનો સંબંધ હોવો જોઈએ. સર્વે
જીવોનું રક્ષણ કરવું એ સમાજના નૈતિક
દાયિત્વ તરીકે વ્યકત થયું છે. પુરાણોમાં
પણ ગૌમાતા અને જીવદયા વિશે ઘણા
વર્ણન આપેલ છે. ગાયને માનવ જીવન માટે
મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આવો
જાણીએ ગૌમાતા અને જીવદયા વિશે વેદ,
પુરાણ અને ગ્રંથોમાં ઉલેખ્ખ કરાયેલી વાતો
:ઋગ્વેદમાં ગાયને સંપત્તિ અને સુખનું
પ્રતિક માનવામાં આવ્યું છે. ગાયનું રક્ષણ
અને સન્માન માનવ સંસ્કૃતિ માટે
મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યજુર્વેદમાં
જીવદયાને એક મહાન ધર્મ માનવામાં
આવે છે અને તેમાં દરેક જીવનું રક્ષણ કરવું
આપણા ધર્મના મૂળભૂત ભાગ તરીકે
દર્શાવાયું છે. ગાયત્રી મંત્રની જેમ ગાયને
પણ મા ગાયત્રીના સ્વરૂપમાં પૂજવામાં
આવે છે. ગેમાંતામાં દૈવી શકિતઓનો વાસ
છે તેવું માનવામાં આવે છે. ભગવત પુરાણ
અને સ્કંદ પુરાણમાં ગાયની રક્ષા કરવીએ
મોટા ધાર્મિક કાર્યોમાં ગણવામાં આવે છે.
ગાયના રક્ષણને સંસ્કૃતિના વિકાસ અને
સુખનું સ્ત્રોત ગણવાયું છે. અનેક
પુરાણોમાં ગૌ દાન (ગાયનું દાન) મહાન
પુણ્યકારક માનવામાં આવે છે. પદ્મ
પુરાણમાં ગાયનું દાન કરવાથી લોકોને
મોક્ષ પ્રાપ્ત થાય છે એવું દર્શાવવામાં આવ્યું
છે. મહાભારત અને શિવપુરાણ જેવા
ગ્રંથોમાં અહિંસા વિષે જણાવવામાં આવ્યું
છે કે બધા જીવમાત્ર પ્રત્યે દયા રાખવી અને
તેમને નુકસાન ન કરવું એ મુખ્ય માનવીય
ગુણો છે. ''ગઢડ પુરાણ'' અને ''મત્સ્ય
પુરાણ''માં જીવદયાને મહાન ધર્મ
માનવામાં આવે છે. તેમાં દરેક પ્રાણી પ્રત્યે
કરૂણા અને દયા રાખવી, અને કોઈ પણ
પ્રાણીને હિંસા ન કરવી એ માનવનું પરમ
કર્તવ્ય ગણવામાં આવ્યું છે. ''
મહાભારત'' અને ''શ્રીમદ ભગવદ
ગીતામા'' પણ ગાયને પૌરાણિક આદર્શ
તરીકે દર્શાવવામાં આવ્યું છે, જેમાં
ગાયની પોષણ અને રક્ષણાત્મક ભૂમિકા
વર્ણવવામાં આવી છે. જીવમાત્રની સેવા
કરવી અને ગાયને પોષણ આપવું એ
માનવીના આદર્શોની પ્રતિતિ છે.
અબોલ જીવો બચશે તો જ આપણે બચીશું
– મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨
૨૧૯૯૯)

## ૨૦૦૫ પહેલા નોકરીમાં દાખલ થયેલ કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપો

અમરેલી, તા. ૨૬
સરકારએ તા.૧/૪/૨૦૦૫
સુધીમાંનોકરીમાંદાખલથયેલકર્મચારીઓને
જુનીપેન્શનયોજનામાંસમાવેશકરીપ્રશંસનીય
કામગીરી કરેલ છે જે અભિનંદનને પાત્ર છે
પરંતુસંજોગવશાતટેકનીકલકારણોસરઅન્ય
શિક્ષકો હજુ પેન્શન યોજનાથી બાકાત રહી
જવા પામેલ છે. કેન્દ્ર સરકારના તેમજ
ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ દેશની અન્ય
રાજયસરકારદ્વારાકોર્ટઅનેસી.એ.ટી.તેમજ
કર્મચારી સંગઠનોની રજુઆતોને ધ્યાને રાખી
નવી પેન્શન યોજનાનું નોટીફિકેશન બહાર
પડયાતારીખસુધીમાંજેતેકર્મચારીનીજગ્યાની
જાહેરાતઆવીગયેલહોયતેમનોજુનીપેન્શન
યોજનામાં સમાવેશ કરેલ છે જયારે ગુજરાત
સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ સુધીના
કર્મચારીઓને જુની પેન્શન યોજનામાં
સમાવવા બાબતનો ઠરાવ બહાર પાડેલ છે
તેમાં ૧/૪/૨૦૦૫ સુધીમાં જેતે કર્મચારીની જે
તે જગ્યાની જાહેરાત આવી ગયેલ હોય તેમનો
સમાવેશ કરેલ નથી આવા ૨૫૦ થી વધું
શિક્ષકોને તેમનો કેન્દ્ર સરકાર તેમજ ઉત્તર
પ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ અન્ય રાજય
સરકારોના પરિપત્રો મુજબ કર્મચારીઓનો
સમાવેશ તાત્કાલિક ધોરણે થાય તે બાબતનો
ઠરાવમાં ખાસ ઉલ્લેખ થાય, અન્ય રાજયોની
જેમ તા.૧/૪/૨૦૦૫ પહેલા ભરતીની
જાહેરાત આવેલ હોય તેવા કર્મચારીઓને જુની
પેન્શન યોજનામાં સમાવેશ કરવામાં આવે
એવી માંગ કરવામાં આવે છે.

## ધુફણીયા અને લાલકા ગામનાં કેન્સર પીડિતને મુખ્યમંત્રી ફંડમાંથી રાહત મળી

દામનગર, તા. ૨૬
દામનગર નજીક આવેલા
ધુફણીયા ગામે રહેતા નિલેશભાઈ દયાળ
ભાઈ વસાણીને કેન્સર હોય તેમની
સારવાર યેશા હોસ્પિટલ નવસારી ચાલી
રહી હોય નબળી પરિસ્થિતિને કારણે
પૈસાની ખુબ જરૂર હોય.
ત્યારે ધારાસભ્યને રજૂઆત
કરતા ધારાસભ્ય જનકભાઈ તળ
ાવિયાએ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી એક
લાખ મંજુર કરાવ્યા હતા તેમજ બાબરા
તાલુકાના લાલકા ગામે રહેતા ગોપાલ
ચંદ્રેશભાઈ રોજાસરા (બાળક)ને
જીબીએસ રોગથી પીડાતા હોય તેમની
સારવાર સાનીધ્ય ચાઈલ્ડ કેર રાજકોટ
ખાતે ચાલી રહી હોય ત્યારે આર્થીક રીતે
નબળા હોય તેમને સારવાર માટે પૈસાની
જરૂરિયાત હોય ત્યારે ધારાસભ્યને
રજૂઆત કરતા ધારાસભ્યએ મુખ્યમંત્રી
રાહતફંડમાંથી એક લાખ મંજુર કરાવ્યા
હતા.
લાઠી બાબરાના ધારાસભ્ય
કેન્સર પીડિત અને જીબીએસ રોગ થી
પીડાતા બાળકના વહારે આવી
મુખ્યમંત્રી રાહત ફંડમાંથી એક એક લાખ
મજુર કરાવતા લોકોમાં ધારાસભ્યની
કામગીરીને લઈને અભીનંદન આપી
રહ્યા છે.

# સાવરકુંડલા : વિદ્યાર્થીઓમાં દેશભકિત સિંચન કરવાનો અનોખો પ્રયાસ



સાવરકુંડલાની પ્રતિષ્ઠિત
શૈક્ષણિક સંસ્થા, વીડી કાણકિયા
કોલેજમાં આજે વીર બાળ દિવસની
ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ
દિવસે શીખ ધર્મના દસમા ગુરૂ, ગુરૂ
ગોવિંદસિંહના બે નાના સાહિબજાદા,
બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ
સિંહના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં
આવી. આ કાર્યક્રમમાં કોલેજના
વિદ્યાર્થીઓ,શિક્ષકોઅનેસ્ટાફેઉત્સાહપૂર્વક
ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત
પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સેપ્રથમ નવ
નિયુકત પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડનું
સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શીખ
ગુરૂઓના જીવન અને બલિદાનની વાર્તાઓ
વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી.
વિદ્યાર્થીઓને વીર બાળ દિવસના મહત્વ
વિશે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ
સાવજ વિસ્તૃત માહિતી આપી અને તેમને
દેશભકત બનવા માટે પ્રેરિત કર્યા હતાં.
કોલેજના આચાર્ય રવૈયાએ પોતાના
પ્રવચનમાં જણાવ્યું કે, ''વીર બાળ દિવસ
આપણને દેશપ્રેમ અને બલિદાનની ભાવના
જગાવે છે. આપણે આપણા વીરોના
બલિદાનને કયારેય ભૂલી શકીએ નહીં. આ
કાર્યક્રમનું આયોજન શહેર ભાજપ દ્વારા
કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી
વિદ્યાર્થીઓમાં દેશભકિતની ભાવના વધશે
તેવી આશા રાખવામાં આવે છે. આ
કાર્યક્રમમાં શહેરના પ્રથમ નાગરિક
નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી,
ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી
ચેરમેન અશોકભાઈ ચૌહાણ, દંડક
અજયભાઈ ખુમાણ, નવ નિયુકત ભાજપ
પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, પૂર્વ તાલુકા
પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પૂર્વ શહેર
પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી
વિજયસિંહ વાઘેલા, કાર્યક્રમના ઈન્ચાર્જ
સંજયભાઈ કામળીયા, નગરપાલિકા
સદસ્ય કેશુભાઈ બગડા, મંજુલાબેન ચિત્રોડા,
જયાબેન કારેણા, સદસ્ય હેમાંગભાઈ ગઢિ
યા, યુવા ભાજપ મહામંત્રી કિશનભાઈ
ત્રિવેદી, ભાવેશભાઈ વિકમા,
અમરસિંહ રાઠોડ, મયુરભાઈ ખાચર,
રણછોડભાઈ, અનિલ ગોહિલ,
શહેરના ભાજપના કાર્યકર્તા કોલેજના
પ્રિન્સિપાલ પ્રોફેસર રવૈયાએ તેમજ
સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## નીલવડા ગામે થયેલ મારામારીનાં ગુન્હામાં ભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાતાં તેણીની ૪ દિવસથી અટકાયત થતાં

# બાબરાનાં મહિલા પોલીસ કર્મીએ ફિનાઈલ પી લેતા સારવારમાં

નીલવડાનાં ફરિયાદી પક્ષે અધિક જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને મહિલા પોલીસ કર્મીને આરોપી બનાવવા માંગ કરી

ફરિયાદી પક્ષની રજૂઆત બાદ મહિલા પોલીસ કર્મીએ એક નોટ લખીને ફિનાઈલ પી લીધી

સવારે ફરિયાદી પક્ષની રજૂઆત બાદ સાંજનાં આરોપી પક્ષ પણ રજૂઆત કરવાનાં મિજાજમાં

ભાઈ વિરૂધ્ધ ગુન્હો નોંધાતા પોલીસ કર્મી બહેન ઉપર દબાણ વધતાં તેણી સહન ન કરી શકતા પગલું ભર્યુ










અમરેલી, તા. ૨૬

બાબરા પોલીસ સ્ટેશનનાં એક મહિલા પોલીસ કર્મીની કોઈપણ પ્રકારનો તેમના વિરૂધ્ધ ગુન્હો નોંધાયો ન હોવા છતાં ૪ દિવસથી પોલીસ સ્ટેશનમાં અટકાયત કરવામાં આવતાં તેણીને આ બાબત સહન ન થતાં તેણીએ ફિનાઈલ પી લેતા તેમને અમરેલી ખાતે સારવારમાં ખસેડાતા તેમના સગા–વ્હાલા, સંબધીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

આ બનાવની વિગત એવા પ્રકારની છે કે, બાબરાનાં નીલવડા ગામે થોડા દિવસો પહેલા મારામારીની ઘટના બની હતી. જેમાં આરોપી તરીકે મહિલા પોલીસ કર્મીનાં ભાઈનું નામ દર્શાવાયેલ.

અનુસંધાન પાના ૬ ઉપર

### મહિલા પોલીસ કર્મીએ ફિનાઈલ પીધા પહેલા લખેલ નોટ






પોલીસ અધિક્ષકની સુચનાથી જિલ્લા પોલીસ ટીમની કાર્યવાહી

## બાબરા : નીલવડા ગામે હત્યાની કોશિષ અને એટ્રોસીટીનાં ગુન્હાનાં આરોપીની અટકાયત

ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલ લોખંડનો પાઈપ કબ્જે કરાયો

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જિલ્લામાં બનતા શરીર/મિલ્કત સંબંધી ગુન્હાના આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ હોય. જે અન્વયે આવા પ્રકારના ગુન્હાઓ આચરી અને પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીને પકડવા સારૂ સઘળા પ્રયત્નો કરવા સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે બાબરા તાલુકાના નીલવડા ગામે રહેતા વિજયભાઈ મુળજીભાઈ ખીમસુરીયા નામના ૩૪ વર્ષિય ખેડૂતના કાકાના દિકરો જયેશભાઈ રામજીભાઈ ખીમસુરીયા (રહે. નીલવડા, તા. બાબરા) વાળાને નીલવડા

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)